Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान्।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५२. आश्विन आत्म सं. ३१ | अंक ३ जो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ પરાશા–વિરામ. ... | ...૬૯ | ૬ રાત્રિભોજન. ... | ...૮૨ |
| ૨ પ્રથમ પ્રભુ–પ્રણામ. ... | ...૭૦ | ૭ સાંસારિક જીવન. ... | ...૮૪ |
| ૩ વિશ્વરચના પ્રબંધ. ... | ...૭૧ | ૮ સુધારો. ... ... | ...૮૯ |
| ૪ જીવ, મન અને ઇંદ્રિઓના સંલાપરૂપ કથા. ... | ...૭૬ | ૯ દયાનો અપૂર્વ બનાવ. | ...૯૧ |
| ૫ પ્રશ્નોત્તર. ... ... | ...૭૯ | ૧૦ વર્તમાન સમાચાર.... | ...૯૨ |
| | | ૧૧ સ્વીકાર અને સમાલોચના. | ...૯૪ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## અમારા માનવંતા લાઇફ મેમ્બરોને ભેટ.

આ સભા તરફથી અનેક વિવિધ સાહિત્યના અનેક ગ્રંથો પ્રકટ થતા હોવાથી, આ સભાના લાઇફ મેમ્બરો અત્યાર સુધીમાં અનેક ગ્રંથો ભેટ મેળવી એક ધાર્મિક સારી લાઇબ્રેરી કરી શકયા છે, ને તેઓશ્રીના ધ્યાનમાંજ છે. ગ્રંથો ભેટ આપવાની ઉદારતા આ સભાએ જેવી રાખેલ છે તેવી કોઇએ ભાગ્યેજ રાખેલ હોવાથી તેને લઇને અનેક બંધુઓ દર માસે નવા નવા લાઇફ મેમ્બરો થતા જાય છે. દિવસાનુદિવસ અનેક ગ્રંથો સભા તરફથી ભેટ મળતા હોવાથી આર્થિક દષ્ટિએ વિશેષ લાભ વ્યાજની ગણત્રીએ વધી જાય છે અને જ્ઞાનોદ્ધારના કાર્યને ઉત્તેજન અને પઠન-પાઠનથી આત્માની નિર્મળતા વધે તે પણ ખાસ છે, તેથી કોઇપણ જૈન બંધુએ આ સભામાં લાઇફ મેમ્બર થઇ તેવો લાભ વેળાસર લેવાની જરૂર છે.

## ભેટના ગ્રંથોના નામ.

૧ શ્રી કાવ્યસુધાકર. ૨-૮-૦
૨ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ, વિશેષાર્થ, ફુટનોટ વિગેરે સહિત ૧-૧૨-૦
૩ શ્રી આચારોપદેશ. ૦-૮-૦
૪ શ્રી ધર્મરત્નપ્રકરણ. ૧-૦-૦

ઉપરના ચારે ગ્રંથોનું ધારા પ્રમાણે બહાર ગામના દરેક લાઇફ મેમ્બરોને પોસ્ટેજ પુરતા વી૦ પી૦ થી ભેટ મોકલવાનું શરૂ થયેલ છે. જેથી સ્વીકારી લેવા વિનંતિ છે.

અત્રેના લાઇફ મેમ્બર બંધુઓએ સભાએથી મંગાવી લેવા વિનંતિ છે.

**નોટઃ—હવે પછી ઘણાજ ઉપયોગી મોટા ગ્રંથો છપાય છે તે પ્રકટ થયે ભેટ આપવાના છે. આત્માનંદ પ્રકાશના ટાઇટલ વાંચવા ભલામણ છે. કોઇ પણ જૈન શ્રીમાને કે સંસ્થાએ આવો સારો ગ્રંથોના ભેટનો લાભ ભૂલવાનો નથી. રીપોર્ટ તથા સૂચીપત્ર મંગાવી ખાત્રી કરો ! ! !**

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

**મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ સહિત વિગેરેની રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિંમત રૂ ૧-૧૨-૦ મુદ્દલ કિંમત પોષ્ટેજ જુદું.**


## જાહેર ખબર.

શેઠ ધરમચંદ ઉદેચંદ જૈન એજ્યુકેશન ફંડ તરફ સને ૧૯૨૬ ની સાલમાં નીચેમુજબ રૂા. ૧૩૬૫૦) ની લોન મંજુર થઇ છે.

૫૦૦) બાવચંદ ગાંડા, ૨૪૦૦) ચમનલાલ કેશવલાલ, ૨૨૫૦) ચમનલાલ કાનજી.
૬૦૦) અમરચંદ જેઠાલાલ ૪૦૦) વાડીલાલ મોહકમણી, ૭૦૦૦) અમૃતલાલ જેઠા.

## નવા થએલા માનવંતા સભાસદો.

૧ શેઠ નગીનદાસભાઇ હેમચંદ બાવલા. પે૦ વ૦ લાઇફ મેમ્બર.
૨ શ્રી વિજય. આણંદસૂરી મોટા ગચ્છના જ્ઞાનભંડાર. સાણંદ. બી૦ વ૦ લા૦ મે૦
૩ શ્રી જૈન બોધ બુદ્ધિ પ્રકાશ સભા. સાણંદ. ,,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५२ आश्वीन, आत्मसंवत् ३१. } अंक ३ जो.

ॐ

## पराशा—विराम.

સુખ દુઃખ આનંદ શોક વા અનુકુળ કે પ્રતિકુળતા,
ષટ યંત્રણા સૃષ્ટિ વિષે મોહાય પ્રાણી માત્ર ત્યાં;
ચાહે અહર્નિશ સર્વ સુખ આનંદ ને અનુકુળતા,
સમજે નહીં ફલ અર્પનારી " કર્મજન્ય નિયંત્રણા. " ૧
પ્રાધાન્યતા પુરૂષાર્થની બોધે પ્રભુ જે વિધથી,
ઉતારવા આચારમાં ગૃહો ગૌણ મુખ્ય વિશેષથી;
સતશાસ્ત્ર વા સહુ જ્ઞાનીનો ઉપદેશ " મૂક્તિ નિદાનમાં, "
**પર આશથીજ વિરામ** "વાની" મૂક્તિની સંસારમાં ૨

**વેલચંદ ધનજી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " પ્રથમ પ્રભુ–પ્રણામ. "

( રાગ–કલ્યાણ. )

નાભિનંદન ! આ જગવંદન !
પ્રણયથી પ્રણમું પ્રથમ જીનરાય. ..............ટેક૦
આદીશ્વર મરૂદેવી જાયો !
જીનધર્મ આદિ રચનાર.......................નાભિ૦
રિખવ દેવ તુજ લાંછન ધોરી !
અકળ અખૂટ ગુણ રત્ન નિધાન..............નાભિ૦
લખ ચોરાશી પૂર્વનું આયુ !
પાંચસે ધનુષ કંચનમય કાય...................નાભિ૦
ગોમુખ યક્ષ ચક્રેશ્વરી દેવી !
દૂર કરે સેવક સંતાપ..........................નાભિ૦
કર્મ સૈન્ય તપ યુદ્ધમાં રોળી !
જીત્યું અજીત નગર નિરવાણ..................નાભિ૦
શાન્તિકર, દુઃખહર, સુખકારી !
સૌમ્ય તુજ દર્શન અવિકાર....................નાભિ૦
મંગળ મનહર મૂર્તિ પ્યારી !
દિવ્ય ભવ્ય ભાસે રળીયાત....................નાભિ૦
ધર્મ ધુરંધર ! તું ઉદ્ધારક !
અમ જીવન અંતર આરામ......................નાભિ૦
ॐ અરિહંતા જીન જયવન્તા !
જગવો આત્માનંદ પ્રકાશ.............નાભિ૦

( રચનાર:—**મણીલાલ માણેકચંદ શાહ મહુધાવાલા.** )
( શ્રી મહાવીર જૈન વિદ્યાલય )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિશ્વરચના પ્રબંધ.

## परिशिष्ट ३ जुं.

( ગતાંક પૃષ્ટ ૪૧ થી શરૂ. )

### क ક્ષેત્રપરિમાણ—

૧ કોષ્ટક.

| | |
|---|---|
| અનંતસુક્ષ્મપરમાણુ | ૧ બાદર પર૦ |
| અનંત બાદરપરમાણું | ૧ આણુ |
| ૬૪ શ્રેણીનો | ૧ ઉર્ધ્વરેણુ |
| ૮ ઉર્ધ્વરેણુ | ૧ ત્રસરેણું |
| ૮ ત્રસરેણુ | ૧ રથરેપણુ |
| ૩૨૭૬૮ રથરેણુ | ૧ લીંખ |
| ૮ લીંખ | ૧ જુ |
| ૮ જુ | ૧ યવ |
| ૮ યવ | ૧–ઉત્સેધાંગુલ |
| ૮ આંગુલ | ૧ પગ |
| ૪ પગ ( ૨, વેંત ) | ૧ હાથ |
| ૪ હાથ ( ૨, કુચ્છી ) | ૧ દંડ |
| ૨૦૦૦ દંડ | ૧ કોશ |
| ૪ કોશનો | ૧ યોજન |

૨ પરિભાષા કોષ્ટક—

| | |
|---|---|
| ૩ લાંબાજવનો | ૧ ઇંચ |
| ૧૨ ઈંચનો | ૧ ફુટ |
| ૩ ફીટનો (૧૬ ગીરહનો) | ૧ ગજ |
| ૩ ગજનો | ૧ ગઠ્ઠા |
| ૨૦ ગઠ્ઠાનો | ૧ જરીબા |
| ૫½ ગજનો | ૧ પોલ |
| ૪૦ પોલનો | ૧ ફર્લાંગ |
| ૮ ફર્લાંગનો | ૧ મૈલ |
| ૨ મૈલનો | ૧ કોશ. |
| ૪ કોશનો | ૧ યોજન |

૩ ઘનકોષ્ટક

| | |
|---|---|
| ૧૭૨૮ ઘનઇંચ | ૧ ઘનફુટ |
| ૨૭ ઘનફુટે | ૧ ઘનયાર્ડ |
| ૧૬૬$\frac{૩}{૮}$ ઘનયાર્ડ | ૧ ઘનપોલ |
| ૬૪૦૦૦ ઘનપોલે | ૧ ઘનફર્લાંગ |
| ૫૧૨ ઘનફર્લાંગે | ૧ ઘનમૈલ. |

### ख ભૂમિતિ.—

૧–સ્થાને સ્થાને બમણી બમણી પહોળાઇ વાલા વલયની પહોળાઇને ચારે ગુણી ત્રણ કાઢી નાખવાથી મધ્યના વલયો સાથેની લંબાઇ (વ્યાસ) આવે છે.

૨–વ્યાસને $\frac{૨૨}{૭}$ અથવા $\sqrt{૧૦}$ અથવા ૩/૧૪૧૬ અથવા $\frac{૩૯૨૭}{૧૨૫૦}$ ( બાજુ. )

For Private And Personal Use Only

થી ગુણવાથી અથવા વ્યાસના વર્ગને દશે ગુણી વર્ગ મૂળ કાઢવાથી **પરિઘ** આવે છે.

૩—લંબગોળના લાંબા પહોળા વ્યાસના જુદા જુદા પરિઘો કરવા પછી બન્નેના વર્ગો કરી બન્નેના વર્ગોનો સરવાળો કરી અર્ધ કરવા. આ રીતે આવેલ રકમનું વર્ગમૂળ કાઢી તેને ૩/૧૪૧૬ વડે ગુણવાથી **પરિઘ** પાસેનું લંબગોળનું માપ આવે છે

૪—લંબાઇ પહોળાઇને પરસ્પર ગુણવાથી ચોરસ **ક્ષેત્રફળ** આવે છે

૫—પરસ્પર ગુણી અર્ધ કરવાથી સમાત્રિકોણનું **ક્ષેત્ર**ફળ આવે છે

૬—વ્યાસ અને પરિઘના અર્ધને પરસ્પર ગુણવાથી અથવા વ્યાસના વર્ગને ૭૮૫૪ થી ગુણવાથી, અથવા પરિઘના વર્ગને ૦૭૯૫૮ વડે ગુણવાથી અથવા વ્યાસનાક્ષેત્રફળને ૧૯/૨૪ ( ૧૦/૧૨ ) વડે ગુણવાથી અથવા ચોરસ ક્ષેત્રફળને ૧૯/૨૪ ( ૧૦/૧૨ ) વડે ગુણવાથી ગોળ ક્ષેત્ર ફળ આવે છે. ૭—વ્યાસના વર્ગને ૧૯/૨૪ વડે ગુણવાથી અથવા લંબાઇ પહોળાઇના સરવાળાને એકઠા કરી, અર્ધા કરી ૧૯/૨૪ વડે ગુણવાથી અથવા લાંબી પહોળી આંસોને ૭૮૫૪ વડે ગુણવાથી લંબગોળનું ક્ષેત્રફળ આવે છે.

૮ મૂળ રકમને પરસ્પર ગુણાવાથી **વર્ગ** આવે છે જેમકે–મૂળ–૫×૫=વર્ગ ૨૫.

૯—મૂળ રકમને પોતાની સાથે બેવાર ગુણવાથી અથવા વર્ગને મૂળ રકમે ગુણવાથી ઘન થાય છે. જેમકે મૂળ ૫×૫×૫=ઘન ૧૨૫, અથવા વર્ગ ૨૫×૫= ઘન ૧૨૫

**क**—એકથી પ્રારંભીને ઉત્તરોત્તર ગમે તે રકમ સુધીનો સરવાળો કરવો હોય તો છેલ્લી રકમને પછીની રકમ સાથે ગુણી બેથી ભાગ દેવો અથવા છેલ્લી રકમને અર્ધી કરી તેમાં અર્ધો આંક મેળવી બન્ને રકમનો ગુણાકાર કરવો.

જેમકે––એકથી પ્રારંભીને ૧/૨/૩ એમ ૧૦૦ સુધીની રકમનો સરવાળો કરવો છે તો ૧×૨×૩×૪=૧૦ એટલે ૧૦૦×૧૦૧÷૨=ઉત્તર ૫૦૫૦

અથવા––૧૦૦÷½=૫૦+૦॥=૫૦॥+૧૦૦=ઉત્તર ૫૦૫૦

**ख**–એકથી પ્રારંભીને ઉત્તરોત્તર પહોળી રકમથીજ બમણી બમણી ગમે તે રકમનો સરવાળો હોય તો છેલ્લી રકમને પછીની ક્રમે બે રકમ સાથે ગુણી ૬ થી ભાગ દેવો જેમકે–એકથી પ્રારંભીને પહેલેથી બમણી ૧૦૦ સુધીની રકમનો સરવાળો કરવો છે તો–—૧ (૨)×૨(૨)×૩(૨)+૪(૨)+૧૦૦ એટલે ૧૦૦×૧૦૧×૧૦૨=૧૭૧૬૦૦/૬

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ग--લોગડથેમ** Logartham **જાણવાનીરીત**-

જે રકમ હોય તેમાં એક આંક ઓછો કરવો એટલે લો૦ નું **સંખ્યાચિન્હ** આવે છે–રકમના–પહેલાના બે આંક અને ત્રીજા આંકના કાટખુણાથી તથા ફરક ઉપરથી લો૦ના **ધ્રુવાંક** મળે છે. આ સંખ્યાંક રકમ તથા ધ્રુવાંક એક સીધી લીટી-માં માંડવાથી એક જાતની **સાધક** રકમ તૈયાર થાય છે. સાથેનો સરવાળો ગુણાકાર ભાગાકાર વિગેરે કરવાની બીજી રકમમાંથી પણ સાધક રકમ તૈયાર કરવી.

હવે જો પરસ્પર રકમનો ગુણાકાર કરવો હોય તો A બંન્ને સાધક રકમનો સરવાળો કરી આવેલ સરવાળામાંથી સંખ્યાક ચિન્હ તથા ધ્રુવાંક ચિન્હ સ્પષ્ટ કરવા-પહેલી રકમને બીજી રકમથી ભાગવી હોય તો B તો પહેલી સાધક રકમમાંથી ભાજક સાધક રકમને બાદ કરવી, ઉત્તરોત્તર બમણા ત્રણત્રણ ગણા કરવા હોય તો C પહેલી સાધક રકમને બમણા કરવાની છેલ્લી રકમ સાથે ગુણાકાર કરવો પછી દરેક છેલ્લી સાધક રકમમાંથી સંખ્યાંક ચિહ્ન તથા ધ્રુવાંક સ્પષ્ટ કરવા. અહિં જે સંખ્યાંક ચિન્હ હોય તેથી એક વધારે આંકવાળી સ્પષ્ટ સંખ્યાનો ઉત્તાર આવે છે અને ધ્રુવાંક ઉપરથી કાટખુણાની જમણી બાજુના બે આંક કાટખુ-ણાની ઉપરનો એક આંક અને ફરકનો એક આંક એમ ચાર આંક તથા બાકીની શુન્ય મુકવાથી સ્પષ્ટ સંખ્યા આવે છે.

## ઉદાહરણ.

A ૫૯૨૨×૫૯૨૨×૫૯૨૨ આ પ્રમાણે પરસ્પર ગુણવાથી ત્રણ રકમ છે. તો મુળ રકમની સંખ્યા ચાર છે માટે સંખ્યાક ચિન્હ ૩ અને ૫૯ ના ધ્રુવાંક ૭૭૨૪ લેવા. આવી રીતની ૩–૭૭૨૪ ત્રણ સાધક રકમનો સરવાળો કરવો.

| | ચિન્હ | | ધ્રુવાંક |
|---|---|---|---|
| ૫૯૨૨ । | ૩ | – | ૭૭૨૪ |
| ૫૯૨૨ । | ૩ | – | ૭૭૨૪ |
| ૫૯૨૨ । | ૩ | – | ૭૭૨૪ |
| સ્પષ્ટ × | ૧૧ | – | ૩૧૭૨ |

જેમાં છેલ્લી સાધક રકમના સ્પષ્ટ સંખ્યાંક ૧૧ છે તો ઉત્તારની રકમમાં ૧૨ આંક આવશે. છેલ્લી ધ્રુવાંક રકમ ૩૧૭૨ છે. કાટખુણાની જમણી બાજુની ઉપરની અને ફરકની રકમ ૨૦૭૫ તથા બાકીની આઠ શૂન્ય એમ બાર સંખ્યા થવી જોઇએ. આ રીતે ઉત્તાર=૨૦૭૫ ૦૦ ૦૦ ૦૦ ૦૦ આવે છે.

B ૮૬૦૦×૪૭૦૦×૪૮૦૦×૫૯૦૦ આ પ્રમાણે ગુણાકારની રકમનાં ૨, અને તેને

૯૬૦૦×૫૮૦૦×૪૯૦૦

For Private And Personal Use Only

ભાગવાની રકમના ત્રણ, એમ ગુણાકાર ભાગાકારવાળી સાત રકમ છે તો—

| મૂલ. | | ચિન્હ. | ધ્રુવાંક. |
|---|---|---|---|
| ૮૬૦૦ | । | ૩ | ૯૩૪૫ |
| ૪૭૦૦ | । | ૩ | ૬૭૨૧ |
| ૪૮૦૦ | । | ૩ | ૬૮૧૨ |
| ૫૯૦૦ | । | ૩ | ૬૯૯૦ |
| | | ૧૪ - | ૯૮૬૮ |

ભાજ્યસ્પષ્ટ—

| મૂલ. | | ચિન્હ. | ધ્રુવાંક |
|---|---|---|---|
| ૯૬૦૦ | । | ૩ | ૯૮૨૩ |
| ૫૮૦૦ | । | ૩ | ૭૬૩૪ |
| ૪૯૦૦ | । | ૩ | ૬૯૦૨ |
| | | ૧૧ - | ૪૩૫૯ |

| ચિન્હ. | | ધ્રુવાંક. |
|---|---|---|
| ૧૪ | | ૯૮૬૮ |
| બાદ—૧૧ | | ૪૩૫૯ |
| સ્પષ્ટ—૩ | - | ૫૫૦૯ |

અહિં સંખ્યાંક ચિન્હ ૩ છે તો ઉત્તરમાં ચાર રકમ આવશે.

C ૨ ને ઉત્તરોત્તર ૧૦ વાર બમણા કરવા છે તો—

એની રકમ એક છે માટે સંખ્યાંક ચિન્હ શુન્ય છે અને ૨, ૨૦ કે ૨૦૦ નો ધ્રુવાંક ૩૦૧૦ છે જેને ૧૦ થી ગુણવા.

| મૂળ | | ચિન્હ | ધ્રુવાંક |
|---|---|---|---|
| ૨૦ | । | ૦ | ૩૦૧૦ |

સંખ્યાંક ચિન્હ ત્રણ છે જેનો ઉત્તર ચાર રકમમાં આવશે. ઉતર—૧૦૨૪

દશવાર કરવા કે ગુણવા— ×૧૦

સ્પષ્ટ— ૩ - ૧૦, ૧૦૦

D ૨ ને ઉત્તરોત્તર ૨૦ વાર બમણા કરવા છે ચિન્હ ૦ ધ્રુવાંક ૩૦૧૦

| મૂલ | | ચિન્હ | ધ્રુવાંક |
|---|---|---|---|
| ૨૦૦ | । | ૦ | - ૩૦૧૦ |
| | | | ૨૦ |
| સ્પષ્ટ | | ૬ - ૦ | ૨૦૦ |

રકમ સાત આવે

ઉત્તર—૧૦૪૭૦૦૦

આ પ્રમાણે લોગડધમ પુસ્તક ઉપરથી સાચી કે સાચી રકમની નજીકની રકમ આવતી હોવાથી દૂરના દ્વિપ સમુદ્રના કાલ્પનિક ગણિતમાં અતિ ઉપયોગી છે.

## ઘ દ્વિપ સમુદ્રનું માપ—યોજન.

૧ જંબુદ્વીપ તીરમધ્ય ૧ લાખ યોજન પરિધી

૨ લવણોદધિ મૂળ ૧ તી૦ ૨ લાખ યોજન મધ્ય સાથે વ્યાસ ૫, લાખ યોજન

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૩ ધાતકીદ્વીપ–વર્ગ ૧ લો તી૦ ૪ લાખ મ૦ ૧૩ લાખ યોજન ક્ષેત્ર ૧૩૩ લાખ.
૪ કાળોદધી–તી૦ ૮ લાખ, મધ્ય ૨૯ લાખ, ક્ષેત્રફળ ૬૬૫ લાખ યોજન.
૫ પુષ્કરદ્વીપ વર્ગ ૨ જો તી૦ ૧૬ લાખ મ૦ ૬૧ લાખ.
૬ પુષ્કર સમુદ્ર તી૦ ૩૨ મ૦ ૧૨૫ લાખ.
૭ તી૦ ૬૪ લાખ મ૦ ૨૫૩ લાખ.
૮ તી૦ ૧૨૮ લાખ મ૦ ૫૦૯ લાખ.
૯ ક્ષીર વર્ગ ૩ જો ૨૫૬ લાખ યોજન.
૧૦ ક્ષિરોદધિ ન ૧૨ લાખ યોજન.
૧૧ દ્વીપ–૧૦૨૪ લાખ યોજન ( ૧૦ L ૧૦૨૪ લાખ )
૧૨ તી૦–૨૦૪૮ લાખ યોજન.
૧૩ તી૦ ૪૦૯૬ લાખ યોજન.
૧૪ તી૦ ૮૧૯૨ લાખ યોજન.
૧૫ નંદીશ્વર દ્વીપ તી૦ ૧૬૩૮૪ લાખ યો૦ મધ્યસાથે વ્યાસ યો૦ ૬૫૫૩૩ લાખ.
૧૬ નંદીશ્વર સમુદ્ર તી૦ ૩૨૭૬૮ લાખ યોજન.
૧૭ વર્ગ ૪ થો તી૦ ૫૬૫૩૬ લાખ યોજન.
૧૮ તી૦ ૧૩૧૦૭૨ લાખ યોજન.
૧૯ તી૦ ૨૬૨૧૪૪ લાખ યોજન.
૨૦ તી૦ ૫૨૪૨૮૮ લાખ યોજન.
૨૧ તી૦ ૧૦૪૮૫૭૬ લાખ યોજન ( ૨૦ લો૦ ૧૦૪૭૦૦૦ લાખ )

હવે માત્ર લાખની વિવક્ષાવિના એવડા એવડાનું માપ જાણવું.

૩૩=કુશદ્વીપ–વર્ગ ૫ મો ૪૨૯૪૯૬૭૨૯૬ ( ૩૨ લો૦ ૪૨૮૬૦૦૦ ૦૦૦ )
૬૫=વર્ગ ૬ ઠો, ૧૮૪૪૬૭૪૪૦૭૩૭૦૯૫૫૧૬૧૬ ( ૬૪ લો૦ ૧૮૩૬ શૂન્ય ૧૬ )
૯૬=૭૯૨૨૮ ૧૬૨૫૧૪ ૨૬૪૩ ૩૭૫૯૩૫ ૪૩ ૩૫૦૩૩૬.
૧૨૯=વર્ગ ૭ મો ૩૪૦૩૦૨૩ ૨૩૬૮ ૨૦૯૩ ૭૯૫૭૫૬૫૬ ૨૪૫૩૭૪ ૩૧૮૬૮૨૧૧૪
--૫૬–( ૧૨૮ લો૦ ૩૩૭૬ શૂન્ય ૩૫ )
૨૫૭=વર્ગ ૮ મો ૧૧૫૮૦૫ ૬૭૧ ૫૦૩ ૪૩૨ ૫૩૪ ૮૬૪ ૯૪૩ ૩૨૭ ૧૨૬ ૩૬૮ ૧૬૭ ૩૫૬ ૫૭૪ ૫૫૭ ૩૪૬ ૧૬૮ ૭૦૭ ૬૧૦ ૭૧૩ ૧૧૫ ૭૭૧ ૨૦૪ ૩૨૯ ૬૩૯ ૯૩૬ ( ૨૫૬ લો૦ ૧૧૩૮ શૂન્ય ૭૪ )
૨૬૯=૬૩૬ ૯૩૧ ૧૯૩ ૨૬૮ ૮૭૮ ૯૪૧ ૭૮૦ ૧૧૮ ૯૦૨ ૫૩૬૦ ૪૦૧ ૩૪૯ ૨૫૨ ૯૩૮ ૭૭૦ ૯૧૦ ૭૦૨ ૭૯૮ ૯૩૪ ૮૦૯ ૨૨૧ ૯૮૦ ૯૯૬ ૯૩૪ ૨૦૫ ૧૭૭ ૮૫૬ ( ૨૬૮ લો૦ ૪૬૫૫ શૂન્ય ૭૭ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭૧=૨૫૪ ૭૭૨ ૪૭૭ ૩૦૭ ૫૫૧ ૫૭૬ ૭૧૨૦૪૭ ૫૬૦૯ ૧૪૪૧૬૦ ૫૩૯ ૬૯૧ ૧૭૫ ૫૦૮ ૩૬૪ ૨૮૧ ૧૧૯ ૫૭૩ ૯૨૩ ૬૮૮ ૭૯૨ ૩૯૮ ૭૭૩ ૬૮૨૦ ૭૧૧ ૪૨૪ ( ૨૭૦ લો૦ ૧૮૬૨ શૂન્ય ૭૮ )

૫૧૩=વર્ગ ૯ મો ( ૫૧૨ લો૦ ૧૨૯૪ શૂન્ય ૧૫૧ )

૫૪૧=૫૪ લો૦ ૩૪૬૭ શૂન્ય ૧૬૨ ( ચાલુ. )

# જીવ, મન, અને ઇંદ્રિયોના સંલાપરૂપ કથા.

( ગતાંક પૃષ્ટ ૫૫ થી શરૂ. )

કુધ્યાનના યોગે મત્સ્ય-જન્મ પામી અંતર્મુહૂર્ત્તમાં હું **અપ્રતિષ્ઠાન** નામના નરકાવાસમાં અવતર્યો, ત્યાં છાસઠ સાગરોપમ વેદના ભોગવી, મુદ્ગર લઇને મારતા પરમાધામીઓને પરવશ પડતાં વજ્ર સમાન કાંટાવાળા વૃક્ષ સાથે તેમણે મને બાંધ્યો અને મને જે બાધા ઉપજાવી, તે હું ક્યાં જઇને પોકાર કરૂં ? કરૂણ-સ્વરે આક્રંદ કરતાં તરત મને ત્યાં જકડીને બાંધી લીધો અને મારૂંજ માંસ શેકીને તે મને ખવરાવવા લાગ્યા. એ વેદનાથી હું સર્વાંગે આકુળ વ્યાકુળ થઈ ગયો, ત્યાં તો તપેલ તાંબું અને સીસું પાઇને મને અધિક દુ:ખિત કર્યો. પછી પરૂ અને રૂધિરથી પૂર્ણ એવી વૈતરણીમાં મને નાખ્યો અને તપ્ત તીરપર લાવીને મને કણની જેમ ભુંજ્યો. એ શૂળવેધ કરતાં પણ બમણાં દુ:ખને પામતાં હું કાયર બન્યો અને પરવશપણે પોકાર કરવા લાગ્યો. વળી અગ્નિજ્વાળાથી તપેલ લોહની પુતળી સાથે મને બાંધ્યો, ત્યાં બળતાં જે મેં દુઃખ વેઠયું, તેનું કેટલું વર્ણન કરૂં ? વળી કોઇ વાર તેમણે તીક્ષ્ણ તરવાર અને છુરીવતી મને ખંડ ખંડ કરી નાખ્યો, પણ વૈક્રિય શરીરને લીધે પારાની જેમ મળી જઇને તરત હું ત્યાં ઉભો થયો. પછી નિર્દયપણે મને કુંભીપાકમાં પકવ્યો તેમજ ક્રૂર પક્ષીઓએ મને તીક્ષ્ણ ચાંચુ મારીને બાધો. વળી તલની જેમ મને ઘાણીમાં ઘાલીને પીલ્યો તથા પોઠીયાની જેમ મારાપર ભાર ભરી ચાબુકના પ્રહારથી મને ચલાવ્યો. વસ્ત્રની જેમ પત્થરપર મને આછોટ્યો અને કાષ્ઠની જેમ કરવતીથી તેમણે મને કાપ્યો. તેમ ઉકળતા તેલમાં પાપડની જેમ મને તળ્યો તથા ચીભડાની જેમ છુરીવતી મને કાપીને કટકેકટકા કર્યા. વળી યમની જીભ સમાન તરવાર, ભાલા અને બાણવતી સંતાપતાં તેમણે કંઇ બાકી ન રાખી. તે વખતે હું દીન થઇને રૂદન કરતો, છતાં તે તો મને નિર્દય થઇને કાપતાજ હતા. એમ તમારા કારણે મેં સાતમી નરકનાં દુ:ખો વેઠ્યાં જ્યાં સુખનો લેશ ન મળે અને જે મુખથી સંપૂર્ણ વર્ણવી પણ ન શકાય.

વળી તિર્યંચમાં પણ હું અનંતકાળ દુ:ખ પામ્યો. જે સાંભળતાં પણ કોને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંપારી ન છુટે ? અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળ દુઃખો સ્હેતાં હું પ્રત્યેક પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુકાયમાં રહ્યો. તેમ સાધારણ અને પ્રત્યેક વનસ્પતિકાયમાં અનંતકાળ હું આથડ્યો. ત્યાં મોહવૈરી અને મિથ્યાત્વના યોગે મહાદુઃખો સહન કર્યાં. ત્યાંથી અતિકષ્ટે લોકોને નિંદનીય એવા વિગલેંદ્રિયપણામાં હું આવી ચડ્યો. ત્યાં ચિરકાળ વારંવાર જન્મ મરણ કરતાં વ્યતીત કર્યો. ત્યાંથી પંચેંદ્રિય તિર્યંચ જળચર, સ્થળચર અને ખેચરમાં ગયો. ત્યાં પણ શરણરહિત થઇને મેં ભારે દુઃખો વેઠ્યાં. શસ્ત્રથી હણાયો, જાળમાં બંધન પામ્યો અને શિકારીઓએ વારંવાર મારીને મને પ્રાણરહિત કર્યો. વળી શીત, તાપ, ક્ષુધા, તૃષા, વધ, ભારવહન, શરીરવેધ, બંધન, નાસિકાવેધ, અને દાહ વિગેરે તથા અંકુશ, આર, લાકડી અને ચાબુકના પ્રહારો સહન કરતાં કંઇ બાકી ન રહી. હે ઇંદ્રિયો અને મન ! તમારા દુશ્ચરિત્રના પ્રભાવથી વિશદ બુદ્ધિના અભાવે તિર્યંચપણામાં પરવશપણે એ પ્રમાણે હું દુઃખ પામ્યો. વળી બળતા અગ્નિમાં સોય તપાવીને તે કોઇ સુખશીલ પુરૂષના શરીરે ભોંકે અને તેને જે દુઃખ થાય, તે કરતાં આઠગણું દુઃખ, મળના નિધાનરૂપ ગર્ભાવાસમાં મેં ભોગવ્યું. તેમ જન્મ સમયે યોનિરૂપ યંત્રમાં દબાવાથી તો તે કરતાં પણ ભારે દુઃખ થાય છે, પણ બળહીન, તેથી રૂદન પણ કરી ન શકું અને અધિક કોટિગણું તે દુઃખ મુખથી પણ તે વખતે હું શી રીતે કહી શકું ? વળી બાલ્યાવસ્થામાં અશુચિમાં રહેતાં હું ઉછર્યો અને દાંત આવતાં તથા કાન વીંધાતી વખતે દુઃખ થવાથી હું રૂદન કરતો રહ્યો. એ બધી વિવેકહીન અવસ્થાનો વિચાર કરતાં હૃદય કંપે છે. ખરેખર ! એ કુવેળા બહુ આકરી હતી. પછી તારૂણ્ય પામતાં મને ધન, ધામ તથા લલનાની લગની લાગી અને પોતાના હિતની દરકાર ન કરતાં હું કામવાસનાથી કલુષિત થયો. રાક્ષસ સમાન એ કામ–મોહ પિશાચ મારી પાછળ લાગ્યા, તેથી ગુણહીન અને કૃપણ શિરોમણિ મેં હરઘડી ધનનું જ ચિંતવન કર્યું. એ ધનની ધગશને લીધે મેં કુળ, શીલ હીન, ક્રોધી અને અપ્રસન્ન સ્વામીની સેવા સ્વીકારી. તે સમયે પ્રિયજન અને અર્ધાંગનાનો વિયોગ સહન કર્યો, તેમ પ્રાણાંત રોગોને પણ હું સહન કરી રહ્યો. મેં મારી દુષ્ટતાને લીધે કેદખાનાના દુઃખ–બંધનો સહન કર્યાં તથા બલવંત સાથે વિરોધ કરતાં છેવટે તેની તાબેદારી વેઠવી પડી. પછી તો જરા આવી, એટલે ઇંદ્રિયો બળહીન થઇ, દાંત પડી ગયા, વચન બોલતાં સ્ખલના થવા લાગી, ચાલવાની શક્તિ ન રહી, મુખમાંથી ક્ષણે ક્ષણે લાળો વહેવા લાગી–એમ વૃદ્ધપણાના દુઃખો આવતાં હું વારંવાર ગભરાવા લાગ્યો. ત્યાંથી મરણ પામતાં ફરી જન્મ લઇને હું ક્ષણમાં સધન બની સંતુષ્ટ થયો અને નિર્ધન બનતાં દીન અને રૂષ્ટ થતો, ક્ષણમાં હસતો અને ક્ષણમાં રોતો, ક્ષણમાં સિદ્ધ, ક્ષણમાં બંધને, ક્ષણમાં ધીર અને ક્ષણમાં બીકણ–એમ માનવ–જન્મમાં નટની જેમ વિવિધ પ્રકારે હું નાચતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહ્યો. એ બધાં દુઃખો તમારાં દુષ્ટ આચરણોને લીધે મારાપર આવી પડયાં, જે મેં ભોગવ્યાં. ભવ-સાગરમાં ભમતાં એ જે દુઃખો મને નડયાં, તે સાંભળતાં બોલતાં કે સંભારતાં હૃદય કંપાયમાન થાય છે અને નેત્રમાંથી અશ્રુનો પ્રવાહ વહી નીકળે છે. વળી મનુષ્ય-જન્મમાં પૂર્વે જે મારા વિરોધી હતા, તે સ્વર્ગમાં મારા કરતાં અધિક સમૃદ્ધિ પામ્યાં, જે નજરે જોતાં ક્ષણે ક્ષણે મારૂં હૃદય દગ્ધ થતું, એ વિષાદ મુખથી કહી શકાય નહિ, દેવલોકમાં ઉત્તમ દેવોથી હું હીન થયો, તેથી તેમની આજ્ઞા પણ મારે શિરસાવંદ્ય કરવી પડી, વળી સ્વર્ગમાં પણ હાથી, ઘોડા, કુતરા, ભુંડ વિગેરે થાય છે, પુણ્યની હીનતાને લીધે હું ત્યાં પણ આથડયો, વળી પોતાની શરીર કાંતિથી આકાશને દેદીપ્યમાન કરનાર દેવાંગનાઓ જ્યારે ચ્યવન પામતી, ત્યારે તેમના વિરહાનળથી દેવતાઓ બળતા રહે છે અને એ મહા દુઃખને લીધે પરવશપણે તે ઘેલા બનીને રોતા ફરે છે. કોઇવાર પુણ્યયોગે હું ઉત્તમ દેવપણું પામ્યો, પણ વિષય-વાસનાના ભારે વેગમાં હું જઇ પડયો. હું કામબાણથી ઘાયલ થઇને વિષયના પાશમાં પડયો અને રતિ-કલહના કોપથી મારા શરીરે કંપ ચડયો. હું વિષયમાં ઘેલો બનીને એક ગૃહદાસની જેમ સ્રીના પગે પડયો અને ત્યાં ગુપ્ત રીતે વિષયવાસના નડવાથી માનહીન થઇને રગ્યો, ઇર્ષ્યા, વિષાદ, પ્રમાદ, માયા, મોહ, ભય, ક્રોધ, મદ, લોભ અને કામ એ બધા વૈરી સ્વર્ગે જતાં પણ મને નડયા અને તેમની જાળમાં હું ફસાયો. જેમ લેણદાર દેવાદારને ન મૂકે તેમ એ મારી પૂંઠ મૂકતા નથી. વળી સ્વર્ગમાં દિવ્ય સમૃદ્ધિથી હું હર્ષઘેલો બની ગયો, પણ ચ્યવન ચિંતવતાં તો મને ભારે ખેદ થવાથી તે બધું ભૂલી ગયો. વળી અવધિજ્ઞાનથી ભાવિ જન્મ કુસ્થાને નિહાળતાં મારી ચિંતા-ખેદનો પાર ન રહ્યો. બલવાન્ કર્મોદય પાસે કોનું જોર ચાલી શકે ? ત્યાં એ દિવ્યઋદ્ધિ બધી ઝેરી ભાસવા લાગી. એટલે ક્ષણમાં વને વન, ભવને ભવનમાં ભમતાં મને ભારે દુઃખ થવા લાગ્યું. ક્ષણમાં સ્વજનને મળું તો પણ તે નજરે તરતી વેદના ટળતી ન હતી. તપેલી શિલાપર મીણ જેમ ઓગળી જાય, તેમ ચ્યવન સમયે હું ભારે દુઃખ પામતો, અને ક્ષણે ક્ષણે બળતો રહ્યો. તમારી દુષ્ટતાના કારણે સ્વર્ગમાં પણ મને સુખ ન મળ્યું. પરતંત્રતા, ઇર્ષ્યા, ચ્યવન વિગેરે દુઃખો હું ત્યાં પણ સહેતો રહ્યો જે સાંભળતાં-યાદ કરતાં મનને કંપારી આવે અને તે સુખપર પણ અરતિ-અભાવ ઉત્પન્ન થાય.

માટે હે મન અને ઇંદ્રિયો ! તમે ચપળતા તજીને પ્રશમ-ભાવને ધારણ કરો. કારણ કે મારી મતિ હવે જિનરાજ, સાધુ અને જીવદયામાં લીન થઇ છે. જે કેવળજ્ઞાનના યોગે કર-કમળમાં રહેલ મૌકિતકની જેમ ત્રણે લોકના ભૂત, ભાવી અને વર્તમાન પદાર્થોને જાણી અને જોઇ રહ્યા છે, વળી જે સ્વભાવથી અઢાર-દૂષણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રહિત અને શિવપુરનો માર્ગ બતાવનાર છે, તે એક જિનેશ્વર દેવજ મારા હૃદયમાં વસ્યા છે. વળી જે પરિગ્રહને કુગ્રહની જેમ દુઃખનું મૂળ સમજે છે, રાજ્યને રજ્જુ ( બંધન ) તુલ્ય, વિષય સુખને વિષ સમાન, પ્રિય દાસને દારૂ ( કાષ્ઠ ) સમાન, ધનને બંધન તુલ્ય અને તેજદાર અલંકારોને જે ભારરૂપ સમજી, એ બધાનો ત્યાગ કરી, આત્માના નિર્વિકલ્પ–ભાવમાં વર્ત્તતા જે સંયમ–ભારને ધારણ કરી રહ્યા છે અને ધર્મમાં ઉન્મત બનેલા એવા જૈન મુનિ એજ ગુરૂ, મારા ચિત્તમાં બિરાજમાન થયા છે. તથા જેનાથી દીર્ઘ આયુષ્ય, અનુપમ રૂપ, સમસ્ત સૌભાગ્ય શ્રેષ્ઠ આરોગ્ય અને ઉત્કટ ગુણસમૂહ પ્રગટ થઈને પ્રાપ્ત થાય તે, તેમજ જેના યોગે જગતમાં પ્રગટ માહાત્મ્યયુકત કીર્તિ પ્રસરે છે–એ એક જીવદયારૂપ લતાથી વિસ્તૃત શાશ્વત સુખરૂપ ફળસિદ્ધિ પ્રાપ્ત થાય છે, એ જીવદયારૂપ ધર્મથી મારૂં અંતર હવે સુવાસિત થયું છે. ”

એ પ્રમાણે નિપુણ પુરૂષે પોતાના મન અને ઇંદ્રિયોને એ ક્રમથી શુભ માર્ગે પ્રવર્તાવવાનો પ્રયત્ન કરવો. ” એમ સાંભળતાં બધા બુધ જનો ચિત્તમાં ચમત્કાર પામ્યા.

સંપૂર્ણ.

સંગ્રાહક

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

## પ્રશ્નોત્તર.

**જગદ્વિખ્યાત જૈનાચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રીમદ્દ વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજને પૂછાયેલા પ્રશ્નો, અને તેના તેઓ સાહેબ તરફથી મળેલા ખુલાસા—**

(ગયા અંકથી શરૂ. )

**પ્રશ્ન**—પૃથ્વીકાયમાં બધા મનુષ્યો જ્યાં જ્યાં ફરે હરે છે એ વિગેરે બધી જમીન ઉપરની માટી તે સચિત જાણવી કે અચિત ? વળી જો અચિત હોય તો કેટલી ભૂમિ માપ સુધી અચિત જાણવી ?

**જવાબ**—ઉપરની અચિત્ત જાણવી કેટલી તેનું માપ નિશ્ચિત થવું મુશ્કેલ છે. લાજી એડેલી જમીન ઉપર સાધુઓ ચાલતા નથી.

**પ્રશ્ન**—જે ગળણાથી કુવાનું પાણી ગળ્યું હોય તેનો સંખારો વાળ્યો નથી અને ફરી તેજ ગળણાથી વરસાદ કે તળાવ આદિનું પાણી ગળવામાં આવે તો હરકત છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જવાબ**—એક જાતના સંખારામાં બીજી જાતનું પાણી મેળવવું યોગ્ય નથી.

**પ્રશ્ન**—રસી વ્હેતી હોય તેનાથી ચિત્રેલ સિદ્ધચક્રજીનો ગટ્ટો કે પ્રભુની છબીને અડીને વાસક્ષેપ પૂજા થઇ શકે ?

**જવાબ**—રસી સાફ કરી તેમ કરવામાં વાંધો જણાતો નથી.

**પ્રશ્ન**—શીયાળો ઉનાળો અને ચોમાસું એ પ્રત્યેક ઋતુમાં સૂર્યોદય પછી પોરસીનું પચ્ચખાણ કેટલા ટાઇમે થઇ શકે ?

**જવાબ**—જ્યારે જ્યારે દિવસ જેટલી જેટલી ઘડીનો હોય ત્યારે ત્યારે તેના ચોથા ભાગમાંજ પોરસી સમજવી.

**પ્રશ્ન**—ઋતુવંતી ( છેટે બેઠેલી ) સ્ત્રીથી પ્રભુદર્શન અગ્રપૂજા અંગપૂજા ગુરૂવંદન સામાયિક પ્રતિક્રમણ શાસ્ત્રશ્રવણ ઇત્યાદિ કેટલા દિવસે થઇ શકે ?

**જવાબ**—પ્રભુદર્શન સામાયિક પ્રતિક્રમણ વિગેરે ચોથા દિવસે કરી શકે અને પ્રભુની અંગપૂજા પાંચમા દિવસે કરવી એમ સમજવામાં છે.

**પ્રશ્ન**—દેવસી રાઇ પકિખ આદિ પ્રતિક્રમણમાં એક બે ચાર ઇત્યાદિ લોગસ્સના જે કાઉસ્સગ આવે છે તેમાં કયા ચંદેસુ નિમ્મલયરા સુધી, કયા સાગર વર ગંભિરા સુધી અને કયા સંપૂર્ણ લોગસ્સના સમજવા ?

**જવાબ**—એક શાંતિનો સંપૂર્ણ લોગસ્સનો, બાકી સર્વે ચંદેસુ નિમ્મલયરા સુધીના જાણવા. પણ રાઇ પ્રતિક્રમણમાં કુસુમિણનો કાઉસ્સગ રાત્રે કદાચ ખોટું સ્વપ્ન આવેલ હોય તો સાગર વર ગંભિરા સુધી કરવો, નહીં તો ચંદેસુ નિમ્મલયરા સુધીનો જાણવો.

**પ્રશ્ન**—નાની હરડે અને મોટી હરડે એ બન્નેય અણાહારી છે ?

**જવાબ**—નાની જે હીમજી હરડે તેનો અણાહારમાં ઉપયોગ કરવાની પ્રવૃત્તિ છે. મોટી હરડે એકલી અણાહારમાં ગણાતી નથી, પણ હરડે, બેડાં અને આમળાં ત્રણે ભેગાં કરેલાં હોય જે ત્રિફલાના નામે ઓળખાય છે તેની અણાહારમાં પ્રવૃત્તિ છે.

**પ્રશ્ન**—અણાહારી વસ્તુ રાત્રી દિવસે હરકોઈ ટાઇમે વાપરી શકાય ? વળી બેસતાં ઉઠતાં વપરાય તો બાધ હશે ?

**જવાબ**—અણાહાર હોવાથી જરૂર વાપરવીજ જોઇએ એમ નથી. એ તો કારણવશ દવા તરીકે વાપરવી પડે તો તેનો પચ્ચખાણમાં બાધ આવતો નથી. કેમકે પચ્ચખાણમાં ચાર પ્રકારના આહારનો ત્યાગ હોય છે; પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અણાહારનો નહીં. છતાં અણાહારી ચીજ વાપરવી પડે તો નિરાંતે બેસી શાંતિથી વાપરવી. હરતાં ફરતાં ઢોરની પેઠે કરવું એ વિવેકીનું કામ નથી.

**પ્રશ્ન**—શ્રાવકને સામાયિક કરતાં કોઈ જાનવરથી લીલું ઘાસ ઉપર પડી જાય તેનું પ્રાયશ્ચિત આવે ?

**જવાબ**—ઘાસ લીલું હોવાથી એકેંદ્રિયના સંઘટ્ટાનું પ્રાયશ્ચિત જેવી રીતે સાધુ સાધ્વીને લેવું યોગ્ય છે તેવીજ રીતે શ્રાવક શ્રાવિકાને પણ લેવું ઘટે છે. કારણકે સામાયિકમાં શ્રાવક સાધુ નહીં પણ સાધુ જેવો હોય છે.

**પ્રશ્ન**—સામાયિક આદિ ક્રિયા કરતાં સ્થાપનાજીને અડાય તો દોષ છે ?

**જવાબ**—વગર કારણે અડવાની શી જરૂર ? ઉપયોગ વિના અડાય તો આલોયણા લેવી યોગ્ય છે.

**પ્રશ્ન**—સ્થાપનાજી અને ક્રિયા કરનાર વચ્ચે આડ પડે તો દોષ છે ?

**જવાબ**—ક્રિયા કરતાં આડ ન પડવી જોઇએ.

**પ્રશ્ન**—તિવિહારના પચ્ચકખાણવાળાથી રાત્રે પાણી ક્યાં સુધી વપરાય ?

**જવાબ**—અડધી રાત ગયા પછી પ્રવૃત્તિ જણાતી નથી.

**પ્રશ્ન**—બકરી અને ઉંટડીનું દૂધ પીવામાં દોષ છે ?

**જવાબ**—એ કાંઈ અભક્ષ્યમાં નથી જેથી પીવામાં દોષ જણાતો નથી.

**પ્રશ્ન**—કપૂરથી પ્રભુપૂજા થઈ શકે ?

**જવાબ**—હા. તેમાં હરકત નથી.

**પ્રશ્ન**—એકાસણા આદિમાં જમતી વખતે પાટલો ડગે તો ડગ્યા પછી જમવામાં બાધ છે ?

**જવાબ**—એથી કાંઇ એકાસણાને બાધ આવતો નથી. એ તો કોઇ કીડી આદિ નીચે ચગદાય નહીં તો સ્થિર કરી લેવો.

**પ્રશ્ન**—પુરિમડ્ઢનું પચ્ચખાણ ક્યારે થયું સમજવું ?

**જવાબ**—બપોર પછી દિવસનો અડધો ભાગ વીત્યા બાદ જાણવું.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રાત્રિ ભોજન.

જૈનધર્મના ત્યાગના નિયમમાં રાત્રિભોજનનો ત્યાગ એ પણ એક મુખ્ય નિયમ તરીકે ગણાય છે. મુનિધર્મના પંચમહાવ્રત અને છઠ્ઠું રાત્રિભોજન ત્યાગ એ વ્રત મુખ્ય છે. બાવીશ અભક્ષ્યમાં રાત્રિભોજનનો ત્યાગ ગણેલો છે. રાત્રિભોજન કરવાથી પાપ થાય છે, એમ શાસ્ત્રમાં કથન છે. ગૃહસ્થ ધર્મના અંગે રાત્રિભોજનના નિયમ જેણે લીધા હોય તેઓ તે વ્રત પાળે છે.

ચાર પ્રકારના આહાર શાસ્ત્રકારોએ ગણેલા છે.

અશન. (અન્ન) પાણ (પાણી) ખાઇમં ( સુખડી મેવો વીગેરે ) સાઇમં (તંબોલ)

(૧) આ ચારે આહારનો રાત્રિનાભાગે ત્યાગ કરે તેને ચોવિહાર ત્યાગનો નિયમ કહેવામાં આવે છે.

૨ એકલા પાણી પીવાની છુટી રાખી બાકીના ત્રણ નો ત્યાગ કરે તે તિવિહાર ત્યાગનો નિયમ કહેવામાં આવે છે.

૩ પાણી અને તંબોળની છુટી રાખી અશન અને ખાઇમંનો ત્યાગ કરે તેને દુવિહાર ત્યાગનો નિયમ કહેવામાં આવે છે.

રાત્રિભોજન ત્યાગ કરનાર આત્મહિતની પ્રવૃત્તિ વધુ કરી શકે. જેમને રાત્રિભોજનનો ત્યાગ નથી, તેઓ આત્મકલ્યાણની પ્રવૃત્તિ કરવા ભાગ્યેજ સમર્થ થઈ શકે છે. મનુષ્ય જન્મમાં આત્મકલ્યાણ તરફ દૃષ્ટિ રાખી જીવન ગુજારનાર મનુષ્ય જન્મ પામ્યાનું સાર્થક કરી શકે છે. નહીં તો દશ દૃષ્ટાંતે દુર્લભ મનુષ્ય જન્મ પામ્યાનું કંઇજ સાર્થક નથી.

ચાલુ જમાનાની પ્રવૃત્તિમાં રાત્રિભોજનના નિયમના અંગે કંઇ અશ્રદ્ધા અને શિથલતા જોવામાં આવે છે.

તા. ૧૨–૯–૨૬ ના નવજીવનના પૃષ્ઠ ૧૫ ઉપર "કૌટુંબિકશાળા" એ નામનો લેખ છે તેમાં નીચે પ્રમાણે જણાવ્યું છે.

(૧૨) રાત્રે ભોજન ન કરવું, આરોગ્ય, વ્યવસ્થા અને અહિંસા ત્રણે દૃષ્ટિએ આ નિયમની આવશ્યકતા છે.

આમાં રાત્રિ ભોજનના ત્યાગના માટે જે કારણો બતાવ્યા છે, તે ઘણા વિચારણીય છે. ને આ લેખ મહારાષ્ટધર્મ નામના કોઇ પત્રમાંથી અનુવાદ કરી લીધેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈદ્ય કલ્પતરૂ નામનું માસિક નિકળે છે, તે માસિકમાં અને તેમના તરફથી બહાર પડેલા કેટલાક પુસ્તકોમાં રોગીઓને રાત્રિભોજનનો ત્યાગ એ પથ્યમાં બતાવ્યું છે.

જ્યારે જૈનેતર વિદ્વાનો રાત્રિભોજનના ત્યાગને અગત્યનું ગણે છે ત્યારે જૈનોમાં તેના અંગે અશ્રદ્ધા જેવું જણાય એ વાસ્તવીક નથી. રાત્રિ ભોજનના ત્યાગનું ફરમાન શ્રી જીનેન્દ્ર દેવનું છે. તેઓનું ફરમાન કંઇપણ કારણ સિવાય હોયજ નહીં તે કારણની ખોળ કરી તેના ઉપર ઉહાપોહ કરવાથી સત્ય વાતની ખાત્રી થશે.

વ્યવહારિક રીતે નવજીવનના ઉપરના લેખમાં જે ત્રણ કારણો બતાવ્યાં છે. તેપણ વિચાર કરવા જેવાં છે.

૧ આરોગ્યતા માટે રાત્રિભોજન ન કરવું. રાત્રિભોજન આરોગ્યને બગાડનાર છે.

૨ દિવસના કૃત્યો અને રાત્રિના કૃત્યોની વ્યવસ્થામાં રાત્રિ ભોજનથી રાત્રિના વ્યવહારિક તથા આત્મહિતના કૃત્યોમાં રાત્રિભોજન વિઘ્નરૂપ છે.

૩ અહિંસા-રાત્રિ ભોજનના અંગે હિંસા છે. જૈનશાસ્ત્રકાર તો તેમાં હિંસા માને છે. અને ઉપરના લેખના લેખક પણ માને છે.

આ માટે રાત્રિ ભોજનના ત્યાગ માટે અશ્રદ્ધા નહીં કરતાં તેના નિયમના પાલન માટે દરેકે તૈયાર થવું જોઇએ.

શ્રી જિનેશ્વરના વચન ઉપર શ્રદ્ધા રાખી તેનું પાલન કરવાથીજ મનુષ્ય જીવનને કંઇ અંશે સફળ બનાવી શકવા આપણે શકિતવાન થઇશું. શ્રી અજિત શાન્તિના કર્તા મહામુનિ નંદિષેણ છેવટની ગાથામાં જણાવે છે કે, જો પરમપદની અથવા જગતમાં કીર્તિની ઇચ્છા હોય તો, ત્રણ જગતનો ઉદ્ધાર કરનાર શ્રી જિન વચનનો આદર કરો.

**વકીલ નંદલાલ લલ્લુભાઇ–વડોદરા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાંસારિક જીવન.

( ગતાંક પૃષ્ઠ ૫૨ થી શરૂ. )

**લે૦—વિઠ્ઠલદાસ મૂ. શાહ.**

અકર્મણ્ય રહીને શાંત જીવનનો નાશ કરવાની અપેક્ષાએ કર્ત્તવ્યનો આરંભ કરીને કઠિનતાઓ સહન કરવી એ અધિક ઉત્તમ વાત છે. યુદ્ધ વગર કદિ પણ વિજય-પ્રાપ્તિ નથી થતી. જો કઠિનતાઓ ન હોત તો સંસારમાં ઉદ્યોગની આવશ્યકતા ન રહેત, સર્વ કાર્યો વગર પ્રયાસે આપોઆપ જ થઇ જાત. જો સંસારમાં પ્રલોભનો ન હોત તો આત્મ સંયમની જરૂરીયાત-ન રહેત અને એ સ્થિતિમાં સદ્‌ગુણોની કશી કિંમત ન થાત. જો સંસારમાં કષ્ટ ન હોત તો ધૈર્યનું કશું મહત્વ જ ન ગણાત. તાત્પર્ય એ છે કે કઠિનતાઓ, પ્રલોભનો અને કષ્ટ વિગેરે વસ્તુતઃ મનુષ્યના સદ્‌ગુણોના વિકાસને અર્થે ઘણા જ જરૂરના છે, એટલા માટે તેનાથી કદિ પણ ગભરાવું કે મુંઝાવું જોઇએ નહિ.

કઠિનતાઓ અને વિપત્તિઓની માફક ઘણેભાગે ગરીબાઇ પણ મનુષ્યના અભ્યુદયનું કારણ બને છે. મનુષ્યને પરિશ્રમી અને કર્ત્તવ્ય પરાયણ બનવામાં જેટલી સહાયતા ગરીબાઇથી મળે છે, તેટલી સંપન્નતાથી નથી મળતી. એ સિવાય સંસારની ખરેખરી દશા અને તત્વનું ઘણું સારૂં ભાન પ્રસિદ્ધ વિદ્વાન બુકર ટી. વૉશીંગ્ટનને થયું હતું. એ તત્વ એને એટલુંબધું મહત્વપૂર્ણ લાગ્યું હતું કે પોતાના ' માઇ લાર્જર એજ્યુકેશન ' નામના પુસ્તકના આરંભમા જ એણે લખ્યું છે કે " પહેલવહેલાં તો મને એ વાતનું બહુ દુઃખ થયા કરતું હતું કે મારો જન્મ એક બહુ જ દરિદ્ર કુળમાં થયો છે અને તેનાં કરતાં પણ વધારે દુઃખ મને એ વાતનું થતું હતું કે મારો જન્મ દાસ કુળમાં થયો છે; પરંતુ મારૂં અંતઃકરણ એમ કહેતું હતું કે જે સ્થિતિમાં મનુષ્યનો જન્મ સ્વકર્મવશાત્ થયો હોય છે તે સ્થિતિને માટે દુઃખ અથવા પશ્ચાતાપ કરવો એ દુર્બલતા તથા કાયરતા છે અને જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ મને એ વાત વધારે સારી સમજાતી ગઇ. આગળ જતાં મને એમ પણ ભાન થયું કે વિરોધ અને પ્રતિકુળ દશાથી બીજી સઘળી ત્રુટીઓ પુરી થઈ જાય છે. એટલુંજ નહિ પરંતુ જેટલો વિરોધ પ્રબળ હોય છે તેટલો શક્તિમાં વધારો થાય છે. × × સ્વતંત્રતા મળતી વખતે હબસીઓના માર્ગમાં જે કઠિનતાઓ હતી તે કઠિનતાઓથી તેઓને ઉન્નતિ સાધવામાં પ્રાયે કરીને ઉત્તેજન મળ્યું હતું. જો હબસી લોકોને તેઓનાં દાસત્વ-કાળમાં વાંચવા લખવાની મનાઈ ન હોત તો સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછી પચાસ વર્ષની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અંદર તેઓ શિક્ષણમાં આટલી બધી ઉન્નતિ ન કરી શકત. અનુભવ અને નિરીક્ષણથી મને જણાયું છે કે જે લોકો કોઇ જાતિ અથવા સમાજથી સારી સારી વાતો છુપાવી રાખે છે તે લોકોજ તે જાતિ અથવા સમાજને એ સારી વાતો પ્રાપ્ત કરવામાં પ્રકારાન્તરથી સહાયક બને છે. અર્થાત્ વિરોધથી પણ સહાયતા મળે છે. × × યશસ્વી લોકોમાંથી ઘણાને કઠિનતાઓ સહન કરવી પડી હોય છે અને વિકટ પ્રશ્નોની મીમાંસા કરવામાં તેઓને જે શુદ્ધ માનસિક શક્તિ પ્રાપ્ત થઇ હોય છે તે સુખે જીવન ગાળનારને ભાગ્યેજ પ્રાપ્ત થાય છે. અનુભવથી મને એટલું પણ પ્રતીત થયું છે કે જે લોકોને કઠિન પ્રશ્નો અને પ્રસંગોની સામે થવું પડે છે તેઓ દયાપાત્ર નથી, પરંતુ જે લોકોને કોઇ પ્રશ્નની મીમાંસાજ નથી કરવી પડતી, તેઓની સ્થિતિ દયાપાત્ર છે. તે બીચારાનું પરમ દુર્ભાગ્ય સમજવું જોઇએ, કેમકે તેઓને પોતાની યોગ્યતા બતાવવાનો અને વધારવાનો, પોતાની નૈસર્ગિક શક્તિનું અનુશીલન કરીને તેનો વિકાસ કરવાનો અને જીવનનું રહસ્ય જાણીને તેના સ્વામી બનવાનો અવસર જ મળતો નથી. અર્થાત્ સુખ–સામગ્રી ખરી રીતે તો મનુષ્યનું એક વિશેષ પ્રકારનું દુર્ભાગ્યજ છે.

એજ મી. બુકર ટી. વોશીંગ્ટને પોતાના ‘ અપ ફ્રોમ સ્લેવરી ’ નામના પુસ્તકમાં અમેરિકાના ગોરા અને હબસી લોકોની દશાની તુલના કરીને એમ બતાવ્યું છે, કે સુખમાં રહેનાર ગોરા લોકો અને તેઓના દાસ બની રહેનાર હબસીઓની સ્થિતિમાં કશો વધારે તફાવત નહોતો. હબસીઓને વિવશ બનીને કામ ધંધો કરવો પડતો હતો; પરંતુ ગોરા લોકો એકદમ નિરૂદ્યમી અને આળસુ બની ગયા હતા. ગોરાના બાળકો કોઇ જાતનું શિલ્પ અથવા વ્યાપાર કામ શીખતા નહોતા તેમજ તેઓની બાળકીઓ વાંચવા લખવાનું કે ગૃહસ્થીનું કામકાજ શીખતી નહોતી. સઘળું કાર્ય અશિક્ષિત ગુલામોને સોંપી દેવામાં આવતું હતું, જેને લઈને ગૃહસ્થીની ઘણી દુર્દશા થતી હતી. આવા કુપ્રબંધને લઇને ગૃહસ્થીનું સુખ કોઇને પણ મળતું નહોતું. મી. વૉશીંગ્ટને લખ્યું છે કે દાસત્વની પ્રથા દૂર થતાં શિક્ષા અને સ્વામિત્વના અધિકાર સિવાય બીજી બધી વાતમાં ગોરા લોકો તથા હબસી લોકો બન્ને સમાન હતા. ગોરા લોકો કોઇ પ્રકારનો કારભાર કરી શકતા નહિ અને પરિશ્રમ કરવામાં પોતાની માનહાનિ સમજતા હતા. હબસી લોકોએ અનેક જાતનાં ન્હાનાં મોટાં કાર્યો શીખી લીધાં હતાં, અને તેઓને પરિશ્રમ કરવામાં કોઈ જાતની શરમ પણ નહોતી લાગતી. એજ કારણથી દાસત્વની પ્રથા દૂર થયા પછી ત્રીસ ચાલીસ વર્ષે પરિશ્રમ કરનાર અને કઠિનતાઓ સહનાર હબસી લોકો તથા આરામ કરનાર ગોરા લોકોની અવસ્થા સરખી બની ગઈ. હબસી લોકોએ એટલા સમયમાં પોતાની ઉન્નતિ સાધી લીધી અને ગોરા લોકો પ્રાયે કરીને જ્યાં હતા ત્યાંને ત્યાં રહી ગયા. પરિશ્રમ અને કઠિનતાઓને લઇને જ હબસીઓની દશા સુધરી ગઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવાં અનેક ઉદાહરણો આપી શકાય કે જેમાં જરા પરિશ્રમ કરીને અને મહાન મુશ્કેલીઓ સહન કરીને આશ્ચર્યકારક ઉન્નતિ કરવામાં આવી હોય છે. છત્રપતિ મહારાજા શીવાજીનો જ દાખલો લઈએ. તેમના પૂર્વજ દરિદ્ર અને બીજાના સેવક હતા; પરંતુ શીવાજીએ નિરંતર પરિશ્રમ કરીને અને કઠિનતાઓ સહન કરીને છેવટે એક મહાન્ સામ્રાજ્યની સ્થાપના કરી. નેપોલીયન બોનાપાર્ટ કઠિનતાઓ સહન કરતાં કરતાં એક સાધારણ સૈનિકમાંથી વધીને આખા યુરોપનો સ્વામી બની ગયો. સુપ્રસિદ્ધ મહાત્મા ટોલ્સ્ટોયને મહાત્મા બન્યા પહેલાં પચાસ વર્ષ સુધી મોટી વિપત્તિઓની સામે થવું પડયું હતું. ઉત્તરીય ભારતની રાજનૈતિક તેમજ ધાર્મિક અવસ્થામાં વિલક્ષણ પરિવર્તન કરીને તેને એક નવું રૂપ આપનાર ગુરૂ ગોવિંદસિંહને પોતાના ઉદ્દેશ્યની સિદ્ધિને અર્થે કાંઇ ઓછી કઠિનતાઓ સહેવી પડી નહોતી. એ રીતે અન્ય સર્વ મહાપુરૂષોને મહાન મુશ્કેલીઓમાંથી પસાર થવું પડયું હોય છે. જો તેઓનું જીવન કઠિનતાઓથી પૂર્ણ નહોત અને તેઓએ એ કઠિનતાઓને હમેશાં તુચ્છ સમજીને આગળ વધવાનું શરૂ ન રાખ્યું હોત તો તેઓ કદિ પણ મહાત્માપદ સુધી પહોંચી ન શકત. એમજ સંસારમાં તેઓને કોઇ જાણત પણ નહિ. એટલા માટે જ એક વિદ્વાનને કહેવું પડયું છે કે "મને જણાય છે કે કઠિનતાઓ સહેવી એજ મહત્વપૂર્ણ જીવનનું રહસ્ય છે." રાજર્ષિ ભર્તૃહરિજીએ ઉત્તમ પુરૂષોનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે—

**प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः, प्रारभ्य विघ्नविहिता विरमंति मध्याः ।**
**विघ्नै पुनः पुनरपि प्रतिहन्यमानाः, प्रारब्धमुत्तमजना न परित्यजन्ति ॥**

અર્થાત્ હલકા લોકો વિઘ્નભયથી કોઇ કાર્યનો આરંભ જ કરતા નથી, મધ્યમ લોકો આરંભ તો કરે છે, પરંતુ વિઘ્ન આવતાં આરંભેલું કાર્ય વચમાં જ તજી દે છે, પરંતુ જે લોકો ઉત્તમ હોય છે તેઓ વિઘ્નો આવે તો પણ આરંભ કરેલું કાર્ય કદિ છોડતા જ નથી.

મનુષ્ય હમેશાં સફલ–મનોરથીજ બને છે એમ માનવું ભૂલ ભરેલું છે. સફલ મનોરથી થવા માટે પહેલાં તો વિફલ–મનોરથી થવું આવશ્યક અને અનિવાર્ય છે. વિફલતાઓનો અનુભવ જ મનુષ્યને સફલ–મનોરથ થવાને યોગ્ય બનાવે છે. વિફલતાઓ મનુષ્યને તેના દોષ અને ત્રુટિઓ બતાવે છે, તેને વિચારપૂર્વક નવા નવા ઉપાય યોજવાને સમર્થ બનાવે છે, આત્મસંયમ તથા આત્મનિર્ભરતા શીખવે છે. વારંવાર ઠોકર ખાઇને જ મનુષ્ય પૂર્ણતાને પામે છે. આપણી આસપાસ જ જોઇએ તો જણાશે કે જે લોકોએ પોતાનાં જીવનમાં જેટલી વધારે ઠોકર ખાધી હોય છે તે તેટલા વધારે નિપુણ અને કર્તવ્યપરાયણ બન્યા હોય છે. કર્તવ્યાકર્તવ્યનું પુરેપુરૂં જ્ઞાન ઠોકરો ખાવાથી જ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાયક અને સમજુ મનુષ્યોને તો વિફલતાઓથી વધારે લાભ થાય છે. ઘણે ભાગે લોકો એક બાજુએ વિફલ મનોરથી બને છે ત્યારે તેઓ કોઇ બીજી બાજુ લાગી જાય છે અને તે સ્થિતિમાં બહુ સારૂં સારૂં કાર્ય કરી બતાવે છે. કેટલાક અંગ્રેજ પ્રસિદ્ધ કવિઓ એવા છે કે જેઓની ઇચ્છા પહેલાં વકીલાત, ઉપદેશક વિગેરે કામ કરવાની હતી; પરંતુ તે કામોમાં તેઓને સફળતા ન મળી. એ વિફળતાને લઇને તેઓ એક એવા માર્ગ ઉપર આવી ગયા કે જેની અંદર તેઓને પોતાની ઉત્કૃષ્ટ યોગ્યતાનો પરિચય કરાવવાની ઘણી સારી તક મળી, તેઓએ સારી કીર્તિ મેળવી અને ઘણો લોકોપકાર પણ કર્યો. ઉર્દુના સુપ્રસિદ્ધ લેખક પં. રત્નનાથ અને બંગાળાના પ્રસિદ્ધ કવિ મધુસુદનદત્ત પહેલાં વકીલાતના કામમાં વિફલ મનોરથ બન્યા હતા. પરંતુ તે લોકોમાં પ્રતિભા હતી, વિફલતાએ ઠોકર મારીને તેઓને જગાડ્યા અને યોગ્ય માર્ગે ચડાવી દીધા. અત્યારે ઉર્દુ તથા બંગાળી સાહિત્યમાં ઉક્ત મહાનુભાવોનાં નામ દીર્ઘકાળ પર્યંત અમર રહેશે.

એટલું જ નહિ પણ ઘોર કષ્ટ અથવા વિપત્તિને સમયે પણ મનુષ્ય પોતાની બુદ્ધિ ઠેકાણે રાખીને સારાં સારાં કાર્યો કરી શકે છે. કષ્ટ સમયે મનુષ્યની પ્રતિભા જરા જોર દેવાથી ઘણી જ વિકસિત થઇ શકે છે. બધા દેશોમાં એવા મોટા લેખકો અને કવિઓ થઇ ગયા છે કે જેઓનાં નામ અત્યારે પણ લોકોમાં આદરણીય છે. પ્રસિદ્ધ ગ્રન્થ ‘ રોબીન્સન ક્રુઝો ’ નો મોટો ભાગ કેદખાનામાં જ લખાયો હતો. લો. તિલકનો સુપ્રસિદ્ધ ગ્રન્થ ‘ ગીતા રહસ્ય ’ પણ માંડલેની જેલમાં જ લખાયો છે. લેખકને ઘણે ભાગે રાજનૈતિક કારણોને લઇને જ જેલમાં મોકલવામાં આવ્યા હોય છે. પરંતુ સર્વ દેશો અને જાતિઓમાં એટલું તો જોવામાં આવે છે કે જે લેખકો વિગેરે રાજનૈતિક કારણોને લઇને જેલમાં જાય છે તેઓ જેલમાં એવાં સારાં સારાં કાર્યો કરે છે કે જેનો સમાજ અને દેશ ઉપર ઘણોજ સારો પ્રભાવ પડે છે.

આપણાં ઉત્કૃષ્ટ કાર્યની સાધના કરવામાં આપણે વિફલ–મનોરથ થઇએ, આપણા ઉપર વિપત્તિ આવી પડે અથવા આપણા પ્રાણ જાય તોપણ તેનાથી આપણા કાર્યની સિદ્ધિમાં સહાયતા જ મળે છે. જે લોકો કોઇ કાર્યમાં પોતાના પ્રાણ અર્પણ કરી દે છે તેઓ પોતાના અનુગામિયોનો રસ્તો સરળ કરે છે અને જ્યારે તેઓનું અભીષ્ટ સિદ્ધ થાય છે ત્યારે તેનો યશ ઘણે ભાગે તેઓનેજ મળે છે. કોઇ કાર્યની ખાતર પરિશ્રમ કરતાં કરતાં મરનારનું મૃત્યુ બીજા લોકોને એટલા બધા ઉત્સાહિત કરે છે કે તે કાર્ય ઘણીજ ત્વરાથી પાર પડી જાય છે. ઘણા મહાપુરૂષોના વિષયમાં તો એટલે સુધી કહી શકાય કે તેઓનું વાસ્તવિક જીવન તેઓનાં મૃત્યુના સમયથીજ શરૂ થાય છે. તેઓ મરીનેજ ખ્યાતિ મેળવે છે અને બીજા લોકોને પોતાના અનુગામી બનાવે છે. રાજ્ય તરફથી જેઓને કારાગૃહવાસની સજા કરવામાં આવે છે. તેઓના વિચારો સમાજ તથા દેશમાં સવિશેષ શીઘ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાથી ફેલાય છે. અને રાજ્ય જે લોકોને ફાંસીએ ચઢાવે છે તેઓના અનુયાયીઓની સંખ્યા આશ્ચર્યજનક રીતે વધી જાય છે. ખ્રીસ્તી ધર્મના વધારે પ્રચારનું મુખ્યકારણ એ છે કે તેના પ્રવર્તક ક્રાઇસ્ટને ફાંસીને લાકડે લટકાવવામાં આવ્યા હતા. લવલેસ નામના એક કેદી કવિએ કહ્યું છે કે—

Stone walls do not a prison make,
Nor iron bars a cage;
Minds innocent and quiet take
That for an hermitage.

જે લોકોનું ચિત્ત પવિત્ર, શાંત અને નિર્દોષ હોય છે તેઓને મન પત્થરની દીવાલો કારાગૃહ રૂપે નથી તેમ લોહના સરીયા પાંજરા રૂપે નથી; પરંતુ એકાંત આશ્રમ રૂપે હોય છે. અંગ્રેજ કવિવર મિલ્ટને એક સ્થળે કહ્યું છે કે " જે મનુષ્ય સૌથી વધારે મુશ્કેલીઓ સહી શકે છે, તેજ સૌથી વધારે સારૂં કામ કરી શકે છે. કર્તવ્યપંથ બહુજ વિકટ અને કંટકમય છે. અને કર્તવ્યપાલન પ્રાયે કરીને કઠિનતાઓ અને આપત્તિઓમાંજ થાય છે. કર્તવ્ય પરાયણ મનુષ્યનું મૃત્યુ કંઇ પણ બગાડી શકતું નથી. ઉલટી એની સ્મૃતિ કાયમ રહે છે. સુખ અને ભોગ વિલાસથી મનુષ્યના ગુણોનો કદિ પણ વિકાસ નથી થતો, વિકાસ તો હમેશાં દુઃખ અને કષ્ટથીજ થાય છે. જેવી રીતે પુષ્પ અથવા સુખડને ઘસવામાં આવે છે ત્યારે જ સુગંધ આપે છે, તેવી રીતે પ્રતિભાના વિકાસને અર્થે મનુષ્યને પીડા ભોગવવાની જરૂર છે. ઘણું કરીને સાધારણ યોગ્યતાવાળો મનુષ્ય વિકટ પ્રસંગ આવતાં સારી યોગ્યતા બતાવે છે અને દુર્બળ મનુષ્ય પણ પોતાની અંદર રહેલું ખરૂં બળ બતાવે છે. જેવી રીતે વિદ્યા, બુદ્ધિ, ધન વિગેરે સારી વસ્તુઓનો દુરૂપયોગ કરી શકાય છે. તેવી રીતે કઠિનતાઓ અને વિપત્તિઓ વગેરેનો પણ સદુપયોગ કરી શકાય છે. "

વિપત્તિજ મનુષ્યને બળવાન બનાવે છે અને તેને જીવનનો સદુપયોગ કરવાની શક્તિ આપે છે. જેમ દુઃખ કર્માધીન છે તેમ સુખ પણ કર્માધીન છે. પણ સુખની અપેક્ષાએ દુઃખજ મનુષ્યને સારો મનુષ્ય બનાવે છે. અત્યંત ઉદ્દંડ તેમજ ક્રોધી મનુષ્યો વિપત્તિ ભોગવ્યા પછી નમ્ર બની જાય છે. અને સૌની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરવા લાગે છે. એક મહા પુરૂષનું વચન છે કે–" જેણે દુઃખ નથી વેઠયું તે કશું પણ જાણતો નથી. " જેવી રીતે જેલમાં રહીને ઉત્તમ કાવ્યો અને ગ્રંથો લખનારના ઉદાહરણ આપવામાં આવ્યા છે તેવી રીતે એવા લોકોના પણ ઉદાહરણ આપી શકાય કે જેઓએ માનસિક, શારીરિક અથવા આર્થિક કષ્ટને વખતે સારાં સારાં કાર્યો કર્યા છે. ડાર્વીન, ડોન, શીલર આદિ લેખકોએ તો રૂગ્ણાવસ્થા અથવા દરિદ્રાવસ્થામાંજ મહાન ગ્રંથો લખ્યા હતા. સૂરદાસે અંધ અવસ્થામાંજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુરસાગર રચ્યું હતું. તુલસીદાસે પણ હનુમાન બાહુક દુઃખી સ્થિતિમાં બનાવ્યું હતું. કહેવાની મતલબ એ છે કે સંસારમાં આપણે કોઇ પણ દુઃખો અથવા આપત્તિઓની દરકાર ન કરવી જોઇએ. આપણે આપણાં જીવનને જેવું બનાવવા ચાહીએ તેવુંજ બનાવી શકીએ છીએ. અને આપણી પરિસ્થિતિ તથા સંસારની બીજી વસ્તુઓનો જેવો ઉપયોગ કરવા ધારીએ તેવો ઉપયોગ કરી શકીએ છીએ. આપણે હમેશાં એ સિદ્ધાંત ધ્યાનમાં રાખીને આપણું સાંસારિક જીવન વ્યતીત કરવું જોઇએ કે આપણાં જીવનને સુધારવું એ આપણાજ અધિકારની વાત છે. જો આપણે સારા બનવા ઇચ્છીએ તો સારા બની શકીએ અને જો ખરાબ બનવા ચાહીએ તો ખરાબ બની શકીએ. સંપૂર્ણ.

# " વિશ્વરચના પ્રબંધ " લેખમાં સુધારો.

પુ. ૨૪ માના અંક બીજામાં સદરહુ અંકના સુધારા તરીકે (૬) બાબત લખેલ છે તેમાં એ સુધારા બરાબર નથી. તેમાં બીજી બાબત ચક્રવર્તી સંબંધી લખી છે તેમાં અગ્યારમાને બારમા ને બારમાને આઠમા સમજવા એમ લખ્યું છે પણ બારમાને આઠમા અને આઠમા, નવમા. દશમા ને અગ્યારમા લખ્યા છે તે નવમા, દશમા, અગ્યારમા ને બારમા સમજવા. એમ સમજવું.

ત્રીજી સુધારાના બાબત (૧૦) કર્મભૂમિક્ષેત્રમાં એક સરખી રીતે એ પ્રમાણે ફેરફાર થયા કરે છે એમ છપાયેલ છે તે દશને બદલે પંદર વાંચવા લખે છે પણ તે ભૂલ છે. દશ છપાયેલ છે તેજ બરાબર છે. કારણકે ઉત્સર્પિણી અવસર્પિણીનો ફેરફાર ૫, ભરત અને ૫, ઐરવત–એ ૧૦ કર્મભૂમિમાંજ થાય છે.

આ સિવાય બીજો સુધારો એ લેખમાં નાચે પ્રમાણે છે.

૧ પૃષ્ટ ૨૬૨ પંક્તિ ૧ લી માં ' ૧ સાગરોપમ ' લખેલ છે તે એક કોડાકોડી સાગરોપમ ૪૨ હજાર વર્ષે ન્યુન ' જોઇએ.

૨ પંક્તિ ૫ મી–નવ સાગરોપમ લખેલ છે તે નવકોડાકોડી સાગરોપમ જોઇએ.

૩ પંક્તિ ૩૩ મી–રાજા વિગેરેની સ્થાપના લખેલ છે તે કૂળકર વિગેરેની જોઇએ.

૪ પૃષ્ટ ૨૬૩ પંક્તિ ૧ લી ને ૩ જી રાજાઓ લખ્યા છે તે કુળકરો જોઇએ.

૫ પંક્તિ બીજી ને ત્રીજીમાં સાત કુળ કરોના નામો લખ્યા છે તેમાં ત્રીજું યશસ્વીનું લખ્યું છે પાંચમું યશસ્વી અને પ્રશ્રેણી લખ્યું છે તે પ્રસનજિત જોઇએ ને છઠું સાતમું મરૂદેવનાભી ભેળું લખ્યું છે તે જુદું જોઇએ. છેવટે રૂષભદેવ લખેલ છે તે ન જોઇએ. તેઓ કુળકર નથી.

૬ પંક્તિ ૬ ઠ્ઠી–હકારનો બોજ ન પડવાથી ધિક્કાર લખેલ છે તે મકારને પછી ધિક્કાર એમ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ પંક્તિ ૨૬ મીમાં ' ત્યાર પછીએક પલ્યોપમથી ઓછા વર્ષ પ્રમાણવાળો ચોથો આરો જાણવો. ' એમ લખેલ છે. તેને બદલે ' ત્યાર પછી એક કોડાકોડી સાગરોપમમાં ૪૨ હજાર વર્ષ ઉણુ પ્રમાણવાળો ચોથો આરો જાણવો ' એમ જોઇએ.

૮ પંક્તિ ૨૭ મીમાં ઋષભદેવના પુત્ર-૫૦ ભરતચક્રવર્તી પહેલો રાજા થયો એમ લખ્યું છે ત્યાં ઋષભદેવના ૧૦૦ પુત્રમાં ભરતચક્રવર્તી પેલા ચક્રી થયા ' એમ જોઇએ.

૯ પૃષ્ટ ૨૬૪ પંક્તિ ૨૦ મીમાં ' ભરતના પૌત્ર મરીચથા ' છે ત્યાં ' ભરતના પુત્ર મરિચી-થી ' એમ જોઇએ.

૧૦ પૃષ્ટ ૨૬૫ પંક્તિ ૫-૬ માં ભરતચક્રી પછી તેની ગાદીએ ક્રમે ' ૨ સુર્યયશા ૩ મહાયશા, ૪ અતિબલ, ૫ બળભદ્ર, ૬ કિર્ત્તિવીર્ય ૭ જળવીર્ય ' આ પ્રમાણે લખેલ છે તેને બદલે ' ૧સુર્ય-યશા. ૨ મહાયશા, ૩ અતિબળ, ૪ બળભદ્ર. ૫ બળવીર્ય, ૬ કીર્ત્તિવીર્ય, ૭ જળવીર્ય ને ૮ દંડ-વીર્ય—આમ આઠ રાજાઓના નામો જોઇએ.

૧૧ બાર ચક્રવર્તીઓના યંત્રમાં ૨-૩-૪-૮-૧૨ માનું દેહમાન લખ્યું નથી તે ૪૫૦-૪૨॥-૪૧॥-૨૮ ને ૭ ધનુષ્યનું ક્રમસર લખવું જોઇએ. અને ૨-૩ ને ૮-૧૨ માંનું આયુષ્ય લખ્યું નથી તે ૭૨ લાખપુર્વને ૫ લાખ વર્ષ તથા આઠમા સુભુમનું ૬૦ હજાર વર્ષને બારમા બ્રહ્મદત્તનું ૭૦૦ વર્ષ લખવું જોઇએ.

૧૨ પ્રતિ વાસુદેવ, વાસુદેવ ને બળદેવના યંત્રમાં પ્રતિવાસુદેવના નામોમાં ભૂલ છે. ચોથા મધુકૈરતી તે મધુકૈરભ, પાંચમા નિશંભુ તે નિશુંભ, છઠ્ઠા બળીષ્ટ તે બળી જોઇએ.

૧૩ વાસુદેવમાં છઠ્ઠા પુંડરીક લખ્યા છે તે પુરૂષ પુંડરીક જોઇએ.

૧૪ દેહમાન છ વાસુદેવનું ૭૦-૫૦-૫૦-૪૫-૨૯ ને ૨૬ ધનુષ્યનું લખેલ છે તે અનુક્રમે ૮૦-૭૦-૬૦-૫૦-૪૦ ને ૨૯ ધનુષ્ય જોઇએ. છેલા ત્રણનું નથી લખ્યું તે ૨૬-૧૬ ને ૧૦ ધનુષ્યનું લખવું જોઇએ.

૧૫ આયુષ્ય ૭૨ લાખ, ૬૦ લાખ, ૩૦ લાખ, ૧૦ લાખ, ૬૫ હજાર ને ૨૬ હજાર એમ છ વાસુદેવનું લખ્યું છે, ત્રણનું લખ્યું નથી તે નવેનું આ પ્રમાણે જોઇએ. " ૮૪ લાખ, ૭૨ લાખ, ૬૦ લાખ, ૩૦ લાખ, ૧૦ લાખ, ૬૫ હજાર, ૫૬ હજાર ૧૨ હજાર ને એક હજાર વર્ષ " એ પ્રમાણે સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રેસીડેન્ટ અને સુવ્વર.

## દયાનો અપૂર્વ બનાવ.

યુરોપ અને અમેરિકાના લોક મનુષ્યો ઉપર પ્રેમ રાખે છે એટલુંજ નહિ પરંતુ માંસાહારી હોવા છતાં તેઓ પ્રાણી માત્ર ઉપર પણ પ્રેમ રાખે છે. અમેરિકાનો પ્રેસીડેન્ટ ( રાષ્ટ્રપતિ ) એકવાર દરબારમાં જતો હતો. રસ્તામાં તેણે જોયું કે એક સુવ્વર કીચડમાં ફસાઇ પડયું છે. સુવ્વર બહાર નીકળવા જેટલું વધારે પ્રયત્ન કરતું હતું, તેટલું જ તે વધારે ને વધારે કીચડમાં ફસાતું હતું. તે જોઈ પ્રેસીડેન્ટથી ન રહેવાયું, તે પોતે પહેરેલાં દરબારી વસ્ત્રો સાથે કીચડમાં કૂદી પડયો અને સુવ્વરને બહાર કાઢયું. પછી ટાઇમ થઈ જતો હતો, તેથી તે કીચડથી ખરડાએલાં વસ્ત્રો પહેરીને જ દરબારમાં ગયો. પ્રેસીડેન્ટ સાહેબની આવી સ્થિતિ જોઇ અન્ય દરબારીઓને અત્યંત આશ્ચર્ય થયું. તેઓ રાષ્ટ્રપતિને નમ્રતાપૂર્વક એ વિષે પૂછવા લાગ્યા. પ્રેસીડેન્ટે સઘળી વાત કહી સંભળાવી. દરબારી લોકો બહુ ખુશ થયા અને સહસ્રમુખે પ્રેસીડેન્ટની પ્રશંસા કરવા લાગ્યા. કેટલાક કહેવા લાગ્યા કે આપણા પ્રેસીડેન્ટ સાહેબ એટલા દયાળુ છે કે સુવ્વર ઉપર પણ દયા દેખાડે છે. કોઇ કંઈ કહેવા લાગ્યા અને કોઈ કંઇ. પ્રેસીડેન્ટે કહ્યું કે "મારી આવી જૂઠી જૂઠી પ્રશંસા શા માટે કરો છો ? મેં સુવ્વર ઉપર દયા નથી કરી, કિન્તુ તેને કીચડમાં નિરાધાર અવસ્થામાં ફસાએલું જોઇ મારા હૃદયમાં દુઃખ થયું, મેં તે દુઃખને દૂર કર્યું છે:–**મેં સુવ્વર સાથે ભલાઈ નથી કરી, પરંતુ મારી પોતાની સાથે ભલાઇ કરી** છે. કેમ કે તેના કીચડમાં સપડાવાથી જે દુઃખ મને થયું હતું તે તેને બહાર કાઢવાથી મટી ગયું." અહા ! સાચા પ્રેમીનું કેવું જીવન્ત ઉદાહરણ છે, કે અન્ય પ્રાણીના દુઃખને પોતાનું દુઃખ ગણવું, અને પ્રાણી માત્રનું દુઃખ દૂર કરવાથી પોતાનું જ દુઃખ દૂર થયું છે એમ માનવું, જો તેને સ્થાને કોઈ હિંદી રાજા કે અમીર હોત તો તે સુવ્વરને બહાર કાઢત ખરો કે ? કદાપિ નહિ. ત્યારે વિચાર કરો કે "પ્રાણી માત્ર ઉપર દયા કરવી." એ જે તમારો મુખ્ય ધર્મ છે તે ઉદાર ધર્મથી તમે કેટલા ભ્રષ્ટ થયા છો ? ધર્મભ્રષ્ટ થયા; પરંતુ ધર્મભ્રષ્ટ થવાથી જે સજા ભોગવવી પડે છે તે પણ આજે તમે ભોગવી રહ્યા છો. અને ત્યાંસુધી તમે આ સજામાંથી મુક્ત નથી થવાના કે જ્યાંસુધી ફરી તે ઉદાર દયા ધર્મ અનુસાર તમારૂં જીવન નહિ સુધારો.

**સ્વામી રામતીર્થ.**

જૈનપ્રભાવ વર્ષ ૨ જું અંક ૯ મા માંથી આ લીધેલું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## આ સભાની તા. ૨૩–૯–૨૬ ભાદરવાવદી ૨ ના રોજ મળેલી જનરલ મીટીંગ અને તેમાં થયેલ ઠરાવ.

કેટલાક વખતથી વ્યાખ્યાનમાં, ખાનગીમાં અને વીરશાસન પત્રમાં અમદાવાદમાં રહેલ મુનિ રામવિજયજી, આચાર્ય શ્રીમાન્ વિજયવલ્લભ સૂરિજી કે જેઓ જૈન સમાજ ઉપર અનેક ઉપકારો અવારનવાર કરી રહ્યા છે તેવા ઉપકારી પુરૂષ માટે ન છાજતા નાને મોઢે ન શોભતા શબ્દો વાપરે છે, વગેરે કારણોથી આ સભાની લાગણી દુખાયા કરતી હતી અને ખેદ થતો હતો, જેથી તે મુનિ રામવિજયજીના તેવા અપમાનિત કૃત્યો માટે ખેદ જાહેર કરવા આ સભાની જનરલ મીટીંગ મળી હતી, જેમાં નીચે મુજબ ઠરાવ થયો હતો.

ઠરાવ.

આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજી માટે મુનિ રામવિજયજી અવિવેકભર્યા શબ્દો વાપરે છે. એવું જાણી તેમની આ પદ્ધતિ માટે આ સભા પોતાનો અણગમો જાહેર કરે છે અને આચાર્ય મહારાજ શ્રી વિજયવલ્લભસૂરિજીને સંપૂર્ણ માનભરી દૃષ્ટિથી જુએ છે. ઉપરોક્ત ઠરાવ જૈન, જૈનેતર પેપરો અને મુનિ રામવિજયજીને પ્રમુખ સાહેબની સહી સાથે મોકલવા ઠરાવ કરે છે.

## " ગુરૂવંદન અને અમારો સત્કાર. "

આસો શુદ ૩ શનીવારના રોજ આ સભાના કાર્યવાહકો તથા સભાસદ બંધુઓ પંદર, વઢવાણ કેમ્પમાં બિરાજતા **શ્રી પ્રવર્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી ચતુરવિજયજી** વગેરે મુનિરાજને વંદન કરવા ગયા હતા. અગાઉથી ત્યાંની શેઠ **આણંદજી કલ્યાણજીની** પેઢી તરફથી સભાને પુછાવવામાં આવ્યું હતું કે સભાસદ બંધુઓ કેટલા ક્યારે આવવાના છે ? તેના ખબર અત્રેથી આપવામાં આવતાં વઢવાણ કેમ્પના **શ્રી સંઘે, શ્રીસંઘના આગેવાનોનું** એક ડેપ્યુટેશન સામું લેવા મોકલ્યું હતું. સ્ટેશન ઉપર સત્કાર થતાં ગામમાં શ્રી સંઘે અગાઉથી ઉતારા માટે કરેલી ગોઠવણ મુજબ ત્યાં ઉપાશ્રય પાસે દેરાસરવાળા વંડામાં સર્વે સભાસદો ઉતર્યા હતા. મહારાજશ્રી અને અન્ય મુનિમહારાજાઓને વંદન કરી સુખશાતા પૂછ્યા બાદ કેટલીક ધર્મચર્ચા દિવસના તથા રાત્રિના કરી હતી. પછી બીજે દિવસે સવારમાં દેવભક્તિ કર્યા બાદ સવારમાં વ્યાખ્યાનનો લાભ લીધો હતો. વ્યાખ્યાન પ્રવર્તકજી મહારાજ વાંચતા હતા. દરમ્યાન બપોર પછી સભાસદબંધુઓને વિદાય થવાના હતા તે જાણી ત્યાંના **શ્રી સંઘનો** હૃદયનો પ્રેમપૂર્વક આગ્રહ હોવાથી ત્યાંના શ્રીસંઘ માંહેલા પ્રેમીબંધુ **મનસુખભાઇએ** સંઘની વતી રોકવા માટે પોતે શિઘ્ર કવિ હોવાથી પોતે રચેલ કાવતાઓ સંભળાવી હતી. તે સાંભળી વ્યાખ્યાનમાં આવેલ ચતુર્વિધ સંઘ વગેરે સર્વેનો આનંદ ઉભરાઇ ગયો હતો. જેનો જવાબ સભાની વતી **વોરા જુઠાભાઇ સાકરચંદે** નમ્રતાપૂર્વક સંઘને આપ્યો હતો. અને શ્રી સંઘના પ્રેમપૂર્વકના આગ્રહને માન આપી સભાસદોએ તે દિવસે રોકાવા જણાવ્યું હતું, તેજ દિવસે બપોરે આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિ મહારાજકૃત શ્રી પંચતીર્થની પૂજા ઉપાશ્રયના વિશાળ હોલમાં ભાવનગરથી લઇ ગયેલ ગવૈયા અને વગાડનારાઓ વડે ભણાવવામાં આવી હતી. રાત્રિના ધર્મચર્ચા વગેરે કરવામાં આવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતી. ત્રીજા દિવસે શુદ ૫ ના રોજ પણ શ્રી સંઘનો એટલો બધો આગ્રહ હતો કે વિદાય થવા દે તેમ નહોતું ! અને આનંદ, પ્રેમ, સ્વાગત અને સાધર્મી બંધુપણાની એટલી બધી છોળો ઉછળતી હતી કે સભાસદો શ્રી સંઘની રજા વગર જઇ પણ શકે નહિં તેથી સવારના વ્યાખ્યાનમાં ફરી આગ્રહ પ્રેમપૂર્વક રોકવાનો થયો. પ્રેમી મનસુખભાઇના પદમાં લાલિત્ય અને પ્રેમભાવ ઝળકી ઉઠયો. છેવટે વિનંતિ પૂર્વક સભાસદોએ રજા માગી. તેથી શ્રી વઢવાણકેમ્પના શ્રી સંઘે નિરૂપાયે પણ આનંદપૂર્વક રજા આપી તે વખતે પણ **સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે** વઢવાણકેમ્પના શ્રી સંઘે કરેલ અપૂર્વ આતિથ્ય સત્કાર, બતાવેલ પ્રેમ અને તાદશ સાધર્મીબંધુપણા માટે સભા તરફથી ઉપકાર માનતાં સભાતી ચાલતી કોઇપણ પ્રવૃત્તિ માટે કે કોઇ કાર્યમાં શ્રી વઢવાણ કેમ્પના સંઘને સભાની સેવાની જરૂર હોય તે વખતે સેવા આપશે તેમ પરસ્પર આનંદ, ઉપકાર, પ્રગટ કરી, શ્રી સંઘનો ઉપકાર માનવામાં આવ્યો હતો. વિદાય થતી વખતે પણ ઘણોજ સત્કાર કરવામાં આવ્યો હતો. આ વખતે આ સભાને શ્રી વઢવાણકેમ્પના શ્રી સંઘના પ્રેમ, સત્કાર, હૃદયભાવના, સ્વધર્મીબંધુ સ્નેહ, વગેરેનો જે અનુભવ થયો છે તે અપૂર્વ છે. અમો તો ત્યાંના શ્રીસંઘનું આવું અનુકરણ કરવા ભલામણ કરીયે છીયે. ખરેખરી રીતે ત્યાંના શ્રી સંઘનો તે પાઠ અન્યને શિખવા જેવોજ માની શકાય. તત્ર બિરાજમાન શ્રી પ્રવર્તકજી મહારાજ વગેરે મુનિરાજોની પ્રવૃત્તિના પણ અનેક વખાણો ત્યાંનો શ્રીસંઘ કરે છે. આ મહાત્માઓ જ્યાં જ્યાં વિચર્યા, ચાતુર્માસ રહ્યા ત્યાં ત્યાં તે જ ઉચ્ચ પ્રવૃત્તિએ સન્માન અને પૂજ્યભાવમાં વૃદ્ધિ કરી છે તેઓશ્રીએ અનેક ઉપકારો કર્યા છે અને ત્યાં ત્યાંના શ્રી સંઘો તે ઉપકારો અને હાજરી ભૂલ્યા નથી તો અહિં તેમ બને તે સ્વાભાવિક છે. અમારા હૃદય ત્યાં ધાર્મિક આનંદમાં અને વઢવાણના શ્રી સંઘના સત્કાર અને સ્નેહમાં એટલા બધા ગરકાવ બનેલા છે કે વધારે લખી શકતા નથી, આવી રીતે **પ્રવર્ત્તકજી મહારાજશ્રી કાન્તિવિજયજી** મહારાજ વગેરે મુનિરાજોને વાંદવા ભાદરવા વદી ૪ ના રોજ **શેઠ પોપટલાલ ધારશીભાઇ** તથા **પારેખ મોહનલાલભાઇ** વગેરે જામનગરથી વાંદવા આવેલા તેઓનો પણ ત્યાંના શ્રી સંઘે ઘણોજ સત્કાર કર્યો હતો. તે વખતે વદી ૫ના વ્યાખ્યાનમાં બંધુ મનસુખભાઇએ શ્રી સંઘવતી કવિતાદ્વારા સત્કાર કર્યો હતા.

---

## જયંતી.

વિજયાદશમીના રોજ પ્રાતઃસ્મરણીય **શ્રીમાન્ મૂળચંદજી** મહારાજના શિષ્ય શાંતમૂર્તિ બાળબ્રહ્મચારી **શ્રીવિજયકમલસૂરિજી મહારાજની** સ્વર્ગવાસ તીથિ હોવાથી આ સભા તરફથી ગુરૂભક્તિ નિમિત્તે જયંતી નીચે પ્રમાણે ઉજવવામાં આવી હતી.

૧ સવારના સાડા આઠ વાગે મારવાડીના વંડાના નામથી ઓળખાતા ઉપાશ્રયમાં શ્રીમાન્ પંન્યાસજી શ્રી કેસરવિજયજી મહારાજના અધ્યક્ષપણાનીચે શ્રી ચતુર્વિધ સંઘનો મેળાવડો થયો હતો. પ્રથમ મંગલાચરણ થયા બાદ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે ઉક્ત સ્વર્ગવાસી મહાત્માનો ટુંક પરિચય કરાવ્યા બાદ, અધ્યક્ષસ્થાને બીરાજમાન મહાત્માએ તથા પંન્યાસજી શ્રીદેવવિજયજી મહારાજ તથા પંન્યાસજી લાભવિજયજી મહારાજે વધુ વિસ્તારથી જીવનવૃતાંત ગુણો વગેરે કહી બતાવ્યા હતા. છેવટે પંન્યાસજી શ્રીલાભવિજયજી મહારાજે, ઉક્ત સૂરિજી મહારાજ પોતાનું સ્થાન તેઓશ્રીના મુખ્ય શિષ્ય પં. શ્રી કેસરવિજયજી મહારાજને લેખિત આપવા આજ્ઞા કરી ગયા હતા તે જણાવવાથી અત્રેનો શ્રી સંઘ તે આજ્ઞાનો અમલ કરે તે યોગ્ય છે અને તેને માટે સૌ કોઇએ હર્ષ બતાવ્યો હતો, જેને માટે પ્રથમ ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તરફથી શ્રી સં-

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધને વિનંતિ–દરખાસ્ત થતાં તેને અત્રેના શ્રીસંઘની કમિટીના સેક્રેટરી શેઠ કુંવરજી આણંદજી અને વારા જુઠાભાઇ સાકરચંદે ટેકો–અનુમતી દર્શાવવાથી તાળીયોના અવાજ સાથે તે વાત વધાવી લેવામાં આવી હતી. ત્યારબાદ શ્રી પં૦ મહારાજ શ્રી ગંભીરવિજયજી સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા એજ્યુકેશન બોર્ડ તરફથી લેવાયેલી ધાર્મિક પરીક્ષામાં પસાર થયેલા વિદ્યાર્થીઓને ઇનામ આપવાનું કાર્ય શરૂ થયું હતું. જે બંધુ જુઠાભાઇને હાથે વહેંચવામાં આવ્યાં હતાં. તેમજ દેવગાણામાં પ્રતિષ્ઠા વખતે શ્રીવડવા મિત્રમંડળના બંધુઓએ શ્રીસંઘની સેવા કરી હતી તેને શેઠ હરિચંદ મીઠાભાઈ તરફથી રૂપાના મેડલ શેઠશ્રી ગિરધરભાઇને હાથે વહેંચવામાં આવ્યા હતા.

૨ બપોરના બે વાગે શ્રીમોટાદેરાસરજીમાં શ્રીરૂષિમંડલની પૂજા ( આચાર્યશ્રી વિજયવલ્લભસૂરિકૃત ) ભણાવવામાં આવી હતી, જેનો ખર્ચ બેન સકરીબ્હેન વાડીલાલ પાનાચંદની પુત્રી ચુડાવાળાએ આપ્યો હતો.

૩ સાંજના પ્રીતિભોજન કરવામાં આવ્યું હતું તેનો ખર્ચ દેહગામવાળા શાહ મોહનલાલ સાકરચંદની પુત્રી બ્હેનપુરી બ્હેન તરફથી આપવામાં આવ્યો હતો. એ રીતે ગુરૂભક્તિ કરવામાં આવી હતી.

## શ્રી વડવા મિત્રમંડળનો વાર્ષિક મેળાવડો.

સેવાપ્રેમી આ મંડળને એક વર્ષ પુરૂં થવાથી વડવા ઉપાશ્રયમાં પંન્યાસજી મહારાજશ્રી કેસરવિજયજી મહારાજના અધ્યક્ષપણાનીચે મેળાવડો કરવામાં આવ્યો હતો. પ્રથમ ગયા વર્ષની કાર્યવાહી, રીપોર્ટ અને સરવૈયું વાંચવામાં આવ્યું હતું. સાદી અને સરલ રીતે કાર્યવાહી અને વહીવટ ચોખવટવાળો હતો. ઉન્નતિક્રમના પ્રથમ પગથીયે આગળ ચાલવાની તેમાં આગાહી અને વિશ્વાસનીયપણું હતું. ત્યારબાદ શેઠ કુંવરજી આણંદજી, ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ તથા શેઠ દેવચંદભાઇ દામજીએ કાર્યને અનુસરતાં વિવેચનો કર્યાં હતા. ત્યારબાદ પ્રમુખ મહાત્માએ ઘણીજ ઉપયોગી શિખામણો, અને ઉપદેશ યોગ્ય શબ્દોમાં આપ્યા બાદ પૂર્ણ સંતોષ જાહેર કર્યો હતો. છેવટે ચા ટીફીન લઇ મેળાવડો વીસર્જન થયો હતો. શુદ ૧૨ ના રોજ શીહોર મુકામે આ મંડળ તરફથી પૂજા પ્રીતિભોજન વિગેરે થયા હતા.

## સ્વીકાર અને સમાલોચના.

ગુજરાતના પાટનગર શહેર અમદાવાદ ( જૈનપુરી ) માંથી આજે વિજયાદશમીને દિવસે મધુર અવાજ કરતું **સુઘોષા** નામનું પત્ર **શ્રી જૈન યુવક સેવા સમાજ** તરફથી તેના ઉત્સાહી અને ઉમંગી તંત્રી **બંધુ મુળચંદભાઈ આશારામ ઝવેરી** અને **ચંદુલાલ ગોકળદાસ શાહ** પ્રકાશક તરફથી જૈન સમાજની સેવામાં પ્રગટ થાય છે. સારા દિવસે શુભ મુહૂર્તે સુંદર નામ ધારણ કરતું, અને વિવિધ મહત્વાકાંક્ષાઓ જૈનસમાજની સેવા માટે ધરાવતું આ પત્ર જે વખતે તળ અમદાવાદમાં વિદ્વાન મુનિઓના અપમાનો, સંસ્થાને તોડવાના પ્રયત્નો અને સમયને ઓળખ્યા સિવાય દીક્ષા આપવા માટે થતી ઉતાવળ અને તેને માટે થતા અનિષ્ટ પરિણામો અને અનેક પેપરો દ્વારા અને તેનાથી જૈનેતર પ્રજામાં જૈન સમાજની થતી હાંસીના પ્રસંગે આ પત્રનો જન્મ ત્યાં થાય તે આવકારદાયક લેખાય. તેના સિંહાવલોકનમાં જણાવ્યા પ્રમાણે સ્વતંત્ર અને નિષ્પક્ષપાત વિચાર સૌમ્ય પથ્ય અને સત્ય રીતે નિડરતાથી મુકવા તે પત્ર ભવિષ્યમાં ભાગ્યશાળી બને અને તેણે જણાવેલ મહત્વાકાંક્ષાઓ ક્રમે ક્રમે પૂર્ણ થાઓ હાલતો તેટલું ઇચ્છીયે છીયે. પ્રથમ અંકમાં આપેલી નોંધ, ઉદ્દેશ વગેરે વાંચતાં તે ભવિષ્યમાં પોતાની ફરજ યથાયોગ્ય બજાવશે એમ જણાય છે તોપણ દિવસાનુદિવસ તે ઉન્નત થાઓ તેટલુંજ અત્યારે કહેવું બસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે. "શ્રાવક ઉપયોગી ખાસ ગ્રંથ." તૈયાર છે.

## "શ્રી આચારોપદેશ ગ્રંથ."

આચાર એ પ્રથમ ધર્મ છે એમ શાસ્ત્રકારો કહે છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોર ( બ્રાહ્મમુહુર્ત વખતે શ્રાવકે જાગ્રત થઈ શું ચિંતવવું ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઇએ ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે જીંદગીની શરૂઆતથી વ્યવહાર અને ધર્મના પાલન માટે પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ છે, ખરેખર જૈન થવા માટે એક ઉત્તમ ગ્રંથ છે, કોઈ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ. કિંમત મુદ્દલ રૂા ૦-૮-૦ માત્ર આઠ આના પોસ્ટેજ જુદું.

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઈ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. અનેક નવીન વસ્તુનું જ્ઞાન પણ થાય છે, કિંમત રૂા ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

"કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ."

## "કાવ્ય સુધાકર."

( રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ. )

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણુનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય ( કવિતા ) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—"શ્રી જૈન આત્માનંદ સભા"—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચી કળા.

"આંતરૂ બાહિરૂના વિસંવાદમાંથી જન્મતા આવિર્ભાવમાં કળાનું શુદ્ધ સ્વરૂપ નથી. બળને બદલે નિર્બળ કરનારી, ઉત્સાહ પ્રેરવાને બદલે હતવીર્ય કરનારી, રસિકતાનો વિશુદ્ધ આનંદ આપવાને બદલે વિલાસિતાનો મોહ પમાડનારી, ઉંચે ચડવાના પરિશ્રમ માટે અડતલપણું આપવાને બદલે નીચે જવાનું ઢીલાપણું આપનારી કળા નિરોગી કળા નથી. એ માંદી કળા છે. માંદા મગજનું એ સર્જન છે. કળાની એ વિકૃતિ છે. ભાસ માત્ર છે. આંતરૂ બાહિરૂ જીવનના સંવાદીપણામાંથી પ્રગટેલ સર્જન સદૈવ શુદ્ધ હોય છે."

"અંદર અને બહારનું વિસંવાદીપણું પારતંત્ર્યમાંથી પરિણમે છે. બહિરૂનો ત્યાગ કરી નિર્ભયપણે જેણે પોતાના અંતરને જગત્ સમક્ષ પ્રગટ કર્યું તેને ઝેર પીવું પડયું છે. અને ક્રુસે લટકવું પડયું છે. આંતરૂનો સત્ય આવિર્ભાવ પ્રકટ કરતાં જીસસ અને સોક્રેટીસ અમર થયા. જગતને એમણે અમર જીવનની કળાની અમોલ બક્ષીસ આપી છે. આંતરૂના આવિર્ભાવને અનુસરતાં બુદ્ધ અને ચૈતન્યે ગૃહત્યાગ કર્યો, લ્યુથરે પ્રાણાર્પણ કર્યું અને જોન ઓફ યાર્ક અગ્નિજવાળાને પ્રેમથી ભેટી. આ સૌએ આપણને જીવનની ખરી કળાની દીક્ષા આપી છે."

**શ્રી. ગિજુભાઇ.**

---

સુચના—સંવત ૧૯૮૩ની સાલના જૈન પંચાંગો તૈયાર થઇ ગયાં છે. જે આ માસીકના ગ્રાહકોને આવતા અંક સાથે ભેટ આપશું. બીજાઓ માટે નકલ ૧ ની કીંમત ફકત એક આનો—

જૈન આત્માનંદ સભા—ભાવનગર.

For Private And Personal Use Only